dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-217 | AD-2026, Vaishakh Vad -12 | Thursday, Dt.14-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**પ્રધાનમંત્રી મોદીએ પોતે પણ કાફલામાં વાહનોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો**

## પીએમ મોદીની અપીલ બાદ મુખ્યમંત્રીઓ, મંત્રીઓએ કાફલામાં કર્યો મોટો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૩

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશહિતમાં પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા, વિદેશ પ્રવાસો ટાળવા અને બિનજરૂરી ખર્ચ ઘટાડવા માટે દેશવાસીઓને અપીલ કરી હતી. આ અપીલની શરૂઆત વડાપ્રધાને સ્વયં પોતાનાથી કરી છે. પીએમ મોદીના કાફલામાં વાહનોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે અને સુરક્ષાના પ્રોટોકોલ (બ્લુ બુક) જાળવીને જ આ ફેરફારો કરવામાં આવ્યા છે. વડાપ્રધાનના આ પગલાને અનુસરીને દેશના અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ નેતાઓએ પણ પોતપોતાના સ્તરે ફેરફારો કર્યા છે.

વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ દ્વારા લેવાયેલા પગલાંમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગીએ પોતાના અને મંત્રીઓના કાફલામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો આદેશ આપ્યો છે. તેમણે અઠવાડિયામા એકવાર 'નો વ્હીકલ ડે' ઉજવવા અને જનપ્રતિનિધિઓને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. વધુમાં, સરકારી બેઠકો વર્ચ્યુઅલી યોજવા પર ભાર મૂક્યો છે.



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો કાફલો અગાઉની સરખામણીએ પાંચ ગણો નાનો જોવા મળ્યો હતો. તાજેતરમાં તેઓ અમરેલીથી ગાંધીનગર પરત ફર્યા ત્યારે તેમના કાફલામાં માત્ર ત્રણ જ વાહનો હતા, જેમાં કોઈ એસ્કોર્ટ કે જામર વાહનનો સમાવેશ થતો નહોતો. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કાફલામાં ઘટાડો કરવાની સાથે 'વર્ક ફ્રોમ હોમ' ને પ્રોત્સાહન આપવા અને સરકારી કેન્ટીનોમાં પામ તેલનો ઉપયોગ ઘટાડવા જેવા મહત્વના નિર્ણયો જાહેર કર્યા છે. રાજસ્થાન અને હરિયાણાના મુખ્યમંત્રી ભજન લાલ અને હરિયાણાના મુખ્યમંત્રીએ પણ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાથેની મુલાકાત દરમિયાન અત્યંત નાના કાફલા સાથે પહોંચીને પીએમની અપીલનું સમર્થન કર્યું હતું. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે મંત્રીઓને વાહન રેલીઓ ન કરવા અને રસ્તાઓ બ્લોક ન કરવા સૂચના આપી છે. મંત્રી વિશ્વાસ સારંગ પાઈલટ વાહન વિના ઓફિસ જતા જોવા મળ્યા હતા.કેન્દ્રીય મંત્રીઓ અને અન્ય નેતાઓનો પ્રતિસાદ આપ્યો છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાફલામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીના મંત્રીઓ જેવા કે મનજિંદર સિંહ સિરસા, આશિષ સૂદ અને કપિલ મિશ્રાએ પણ વાહનોની સંખ્યા ઘટાડી છે. આશિષ સૂદ અને કપિલ મિશ્રા જેવા નેતાઓ મેટ્રો અને ઈ-રિક્ષા દ્વારા મુસાફરી કરીને પ્રજા સમક્ષ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ફડણવીસ સરકારે મંત્રીઓના વિદેશ પ્રવાસો પર કાપ મૂક્યો છે, જ્યારે રાહુલ નાર્વેકરે જાપાનનો પ્રવાસ રદ કરીને કરકસરનો સંદેશ આપ્યો છે.આમ વડાપ્રધાનની અપીલ બાદ દેશભરમાંથી વહીવટી તંત્રએ કરકસર શરુ કરી છે.

## પશ્ચિમ એશિયામાં સંઘર્ષને લઈ ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાની આરબીઆઈની ચેતવણી

મુંબઈ,તા.૧૩

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ હવે ભારતીય અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ગવર્નરે ચેતવણી આપી છે કે જો આ સંઘર્ષ લાંબો સમય ચાલશે, તો દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે. હાલમાં સરકાર અને તેલ કંપનીઓ ક્રૂડ ઓઈલના વધતા ભાવનો બોજ ગ્રાહકો પર નાખ્યા વિના પોતે સહન કરી રહી છે,



પરંતુ લાંબા ગાળે આ સ્થિતિ જાળવી રાખવી મુશ્કેલ બનશે.

સ્વિત્ઝર્લેન્ડમાં આયોજિત એક પરિષદમાં ગવર્નરે જણાવ્યું કે સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને લોકોને રાહત આપી છે. જોકે, વૈશ્વિક પુરવઠા શૃંખલા (Supply Chain) ખોરવાતા ફુગાવાનું દબાણ વધી શકે છે. એપ્રિલમાં છૂટક ફુગાવો વધીને ૩.૪૮ ટકા નોંધાયો છે, જે ક્રૂડના ભાવ વધવાથી વધુ ઉપર જઈ શકે છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જનતાને ઈંધણ બચાવવા અને બિનજરૂરી ખર્ચ ઘટાડવા અપીલ કરી છે. વિદેશી હૂંડિયામણ બચાવવા માટે સોનાની ખરીદી મુલતવી રાખવાની અને પેટ્રોલ-ડીઝલનો મર્યાદિત ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. આરબીઆઈના મતે જો ફુગાવો વધશે, તો રેપો રેટ અને અન્ય આર્થિક પગલાં અંગે કડક નિર્ણયો લેવામાં આવી શકે છે.

## મહારાષ્ટ્રનાસાંગલીમામંદિરનીદિવાલ ધરાશાયીથતા ૬ શ્રધ્ધાળુઓનામોત

**૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતા સારવારમાં ખસેડવામાં આવ્યા**

સાંગલી,તા.૧૩

મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં ભારે વરસાદ અને વાવાઝોડાએ વિનાશ વેર્યો છે. સાંગલીના જાથ તાલુકાના મોટવાડી ગામમાં આવેલા માર્ગુદેવી મંદિરમાં એક મોટી દુર્ઘટના ઘટી હતી. મંગળવાર હોવાથી મંદિરમાં આશરે ૩૫૦ જેટલા ભક્તોની ભીડ હતી, તે દરમિયાન અચાનક આવેલા ભારે પવન અને વરસાદને કારણે મંદિરના કમ્પાઉન્ડની દિવાલ અને તેની પરની ટીન શીટ્સ ધરાશાયી થઈ ગઈ હતી.



આ અકસ્માતમાં ૬ શ્રધ્ધાળુઓના મોત થયા છે, જ્યારે ૧૨ થી ૧૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, વરસાદથી બચવા માટે લોકોએ દિવાલ અને ટીન શીટ્સ નીચે આશરો લીધો હતો, પરંતુ કુદરતનો પ્રકોપ એટલો હતો કે દિવાલ આ દબાણ સહન કરી શકી નહીં. ઘટના બાદ સ્થાનિક લોકો અને વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ અધિક્ષક તુષાર દોશીએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે તંત્ર દ્વારા રાહત કાર્ય પૂરજોશમાં ચલાવ્યું હતુ.

## નીટ પરીક્ષા રદ થતા FAIMA સુપ્રિમ કોર્ટ પહોંચી




નવી દિલ્હી,તા.૧૩

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આયોજિત NEET UG ૨૦૨૬ પરીક્ષામાં પેપર લીક થવાની ઘટના બાદ દેશભરમાં હોબાળો મચી ગયો છે. લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી આ ગંભીર બાબતે ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન એટલે કે FAIMA એ હવે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. FAIMA એ બુધવારે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરીને માગ કરી છે કે આ સમગ્ર પ્રક્રિયાની ન્યાયિક દેખરેખ હેઠળ ફરીથી પરીક્ષા યોજવી જોઈએ કારણ કે NTA ની કાર્યપ્રણાલી પરથી હવે વિશ્વાસ સંપૂર્ણપણે ઉઠી ગયો છે.



એસોસિએશનનું માનવું છે કે હાલની ગર્વનિંગ બોડીનું પુનર્ગઠન કરવું અનિવાર્ય છે જેથી ભવિષ્યમાં આવી ગંભીર ખામીઓનું પુનરાવર્તન ન થાય અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરી શકાય. વાસ્તવમાં ૩ મેના રોજ લેવાયેલી આ પરીક્ષામાં અંદાજે ૨૨.૭૯ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો પરંતુ પેપર લીકની પુષ્ટિ થતા NTA એ પરીક્ષા રદ કરવાની ફરજ પડી હતી. NTA ના ડાયરેક્ટર જનરલ અભિષેક સિંહે આ ક્ષતિ માટે પોતાની સંસ્થાની જવાબદારી સ્વીકારી છે અને ટૂંક સમયમાં નવી તારીખોની જાહેરાત કરવાની ખાતરી આપી છે. બીજી તરફ કેન્દ્ર સરકારે આ મામલાની તપાસ CBI ને સોંપી દીધી છે જેણે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે આટલી મોટી ઘટના બની હોવા છતાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મૌન ધારણ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલો હવે ન્યાયિક પ્રક્રિયા હેઠળ છે ત્યારે જોવાનું એ રહે છે કે લાખો તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય ક્યારે મળશે.

## તમિલનાડના મુખ્યમંત્રી વિજયે ૧૪૪ સભ્યોના સમર્થને સાથે ફ્લોર ટેસ્ટ જીત્યો


ચેન્નાઈ,તા.૧૩

તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળની ટીવીકે (TVK) સરકારે બહુમતી સાબિત કરી છે. વિશ્વાસ મતમાં સરકારને ૧૪૪ ધારાસભ્યોનું સમર્થન મળ્યું, જ્યારે વિરોધમાં ૨૨ મત પડ્યા. કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને વીસીકે (VCK) એ સરકારને ટેકો જાહેર કર્યો હતો. બીજી તરફ, ડીએમકે (DMK) અને ભાજપ-પીએમકેએ વોકઆઉટ કર્યો હતો. વિજયે ગૃહને ખાતરી આપી કે તેમની સરકાર સંપૂર્ણપણે 'ધર્મનિરપેક્ષ' રહેશે અને જનકલ્યાણના કાર્યો ચાલુ રાખશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૧૪-૦૫-૨૦૨૬


પોલીસ વિભાગ દ્વારા ૬૦ ફૂટ ઉંચા પોલ પર એસ.પી.નિર્લિપ્ત રાય દ્વારા તિરંગો લહેરાવવામાં આવ્યો હતો

# બગસરામાં પોલ પરથી તિરંગો ગાયબ થતા દેશપ્રેમીઓમાં રોષ

**સોશિયલ મીડિયા અને ભાષણોમાં મોટી વાતો કરનારા આગેવાનો ગોત્યા જડતા નથી**

બગસરા,તા.૧૩

બગસરા શહેરમાં અપાશરાના નાકા પાસે પોલીસ વિભાગ દ્વારા અત્યંત ગર્વ સાથે ૬૦ ફૂટ ઉંચો વિશાળ પોલ ઉભો કરવામાં આવ્યો હતો. આ પોલ પર તત્કાલિન જિલ્લા પોલીસ વડા નિર્લિપ્ત રાયના હસ્તે ભવ્ય રીતે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો જે પ્રજામાં દેશદાઝની ભાવના જગાડતો હતો. પરંતુ અત્યારે પરિસ્થિતિ તદ્દન વિપરીત જોવા મળી રહી છે કારણ કે આ ગગનચુંબી પોલ પરથી રાષ્ટ્રધ્વજ ગાયબ થઈ ગયો છે


તસવીર : મયુર પંડયા


અને માત્ર લોખંડનો થાંભલો જ ઉભો રહ્યો છે. સોશિયલ મીડિયા અને ભાષણોમાં દેશભક્તિની મોટી વાતો કરનારા સ્થાનિક આગેવાનો અત્યારે ક્યાંય શોધ્યા જડતા નથી.

દેશભક્તિના પ્રતિક સમાન તિરંગાની આવી અવદશા જોઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આગેવાનોની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. રાષ્ટ્રધ્વજ વગરનો આ ખાલી પોલ તંત્રની લાપરવાહીની ચાડી ખાઈ રહ્યો છે.

આ પોલ પર ફરી તિરંગો લહેરાવવામાં આવે તેવી દેશપ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# અમરેલીની ગજેરા સંકુલ સંચાલિત મહિલા સાયન્સ કોલેજનું ૯૫% શાનદાર પરિણામ


અમરેલી, તા. ૧૩



અમરેલીની યુ. બી. ભગત સાયન્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના B.Sc. (BT) સેમેસ્ટર-V માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. કોલેજનું કુલ પરિણામ ૯૫% રહ્યું છે, જેમાં વિશેષતા એ છે કે ઉત્તીર્ણ થયેલી તમામ વિદ્યાર્થીનીઓએ ૧૦૦% ફર્સ્ટ ક્લાસ હાંસલ કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે.તેજસ્વી વિદ્યાર્થીનીઓમાં કારીયા કેરવી ૮૯.૮૨% સાથે પ્રથમ, ઠાકર ધરીત્રી ૮૩.૮૨% સાથે બીજા અને ચત્રોલા તન્વી ૮૩.૬૪% સાથે ત્રીજા ક્રમે રહી છે. આ ભવ્ય સફળતા બદલ શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત અને કોલેજ સ્ટાફ દ્વારા તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# ગરમીથી બચવા સિંહોનું શેત્રુંજી નદીમાં શાહી સ્નાનનો વીડિયો વાયરલ

અમરેલી,તા.૧૩



અમરેલી જિલ્લામાં અસહ્ય ગરમી અને બફારાથી બચવા માટે બે સિંહો ભરબપોરે સાવરકુંડલાના ઘોબા ગામ નજીક પસાર થતી શેત્રુંજી નદીના ઠંડા પાણીમાં ઉતરી ગયા હતા. ગરમીમાંથી રાહત મેળવવા માટે આ વનરાજો કલાકો સુધી નદીના પ્રવાહમાં શાંતિથી બેસી રહ્યા હતા. સ્થાનિક લોકોએ પ્રકૃતિના આ અદભૂત દ્રશ્યો પોતાના કેમેરામાં કેદ કર્યા હતા જે હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે.

# બગસરા પોલીસ દ્વારા કડક ટ્રાફિક ઝુંબેશ, ૧૭ વાહનો ડીટેઈન કરી દંડ ફટકાર્યો

બગસરા,તા.૧૩

બગસરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ટ્રાફિકની ગંભીર સમસ્યા હલ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. પોલીસ કાફલાએ વિજય ચોક, કુંકાવાવ ચોકડી અને સ્વામિનારાયણ સર્કલ જેવા ધમધમતા વિસ્તારોમાં કડક




ચેકિંગ હાથ ધર્યું હતું.આ ડ્રાઈવ દરમિયાન બેફામ પાર્કિંગ, નંબર પ્લેટ વગરના અને યોગ્ય દસ્તાવેજી પુરાવા ન ધરાવતા ૧૭ જેટલા વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા અને કુલ ૫૮૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે, જ્યારે વેપારી આલમમાં ખુશી જોવા મળી છે. સ્થાનિકોએ ઘોંઘાટિયા સાયલેન્સર અને તેજ લાઈટો ધરાવતા વાહનો સામે પણ આવી જ કડક કાર્યવાહી કાયમી ધોરણે ચાલુ રાખવા માંગ કરી છે.

# કોટડાપીઠામાં બપોરે ગેસ વિતરણથી ગ્રાહકો પરેશાન, સમય બદલવા માંગ

બાબરા, તા. ૧૩

અમરેલીના બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે હાલ કાળઝાળ ગરમી વચ્ચે ગેસ વિતરણની વ્યવસ્થા ગ્રાહકો માટે હાલાકીનું કારણ બની છે. બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે આટકોટની કૈલાશ ઈન્ડેન ગેસ એજન્સી દ્વારા સોમવાર અને બુધવારે બપોરે ૨:૦૦ થી ૨:૩૦ વાગ્યાના સમયે ગેસના બાટલાનું વિતરણ કરવામાં આવે છે. હાલમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં તાપમાન ૪૫ થી ૫૦ ડિગ્રી સુધી પહોંચી રહ્યું છે, ત્યારે આ ધોમધખતા તાપમાં ગ્રાહકોને બાટલા લેવા માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે. આકરી ગરમીને કારણે લોખંડના બાટલા અત્યંત ગરમ થઈ જવાથી તેને પકડતા ગ્રાહકોના હાથ દાઝી રહ્યા છે, જેને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એજન્સી દ્વારા ડિલિવરીનો સમય બપોરના બદલે સવારના અથવા સાંજે કરવા માંગ કરાઈ છે.

# અમરેલીમાં પરિણીતાને ઘરકામ બાબતે સાસરિયાનો ત્રાસ

**પતિએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરમાં વધુ એક ઘરેલુ હિંસાનો મામલો સામે આવ્યો છે. વર્ષ ૨૦૦૭થી લગ્નગ્રંથિથી જોડાયેલા એક પરિણીતાને તેના પતિ અને દેરાણી દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપી, મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.નસીમબાનુ યાકુબઅલી સૈયદે પતિ યાકુબઅલી હુસેનમીયા સૈયદ તથા દેરાણી અફસાનાબેન મુસ્તાકઅલી સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના નિકાહ ૧૯ વર્ષ પહેલા યાકુબઅલી સાથે થયા હતા. લાંબા લગ્નજીવન બાદ પણ છેલ્લા કેટલાક સમયથી પરિણીતાને તેના પતિ અને દેરાણી દ્વારા ઘરકામની નાની-નાની બાબતોમાં ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું.પરિણીતાનો કોઈ વાંક ન હોવા છતાં બંને આરોપીઓ વારંવાર ઝઘડો કરી મેણાટોણા મારતા હતા. બે દિવસ પહેલા આ વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આક્ષેપ મુજબ, પરિણીતાના પતિએ તેમને બિભત્સ ગાળો આપી, ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. સાથોસાથ આરોપીઓએ પરિણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગંભીર પ્રકારનો માનસિક ત્રાસ પણ ગુજાર્યો હતો. વારંવારના ત્રાસથી કંટાળીને અંતે પરિણીતાએ પોલીસ ફરિયાદ કરી હતી.

# ધારીના સરસીયામાં પત્નીને પતિએ માર માર્યો

**માતાને ફરિયાદ કરતાં પતિએ આપી જાનથી મારી નાખવાની ધમકી**

ધારી, તા. ૧૩

ધારી તાલુકાના સરસીયા ગામે પતિની શંકાશીલ વૃત્તિને કારણે એક મહિલાને શારીરિક અને માનસિક ત્રાસનો ભોગ બનવું પડ્યું હતું. પોતાના બનેવી સાથે પત્નીના સંબંધો હોવાની ખોટી શંકા કરી પતિએ પત્ની સાથે ઝઘડો કરી મારપીટ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.આ અંગે કિરણબેન અનિલભાઈ દાફડાએ અનિલભાઈ કેશુભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિ તેની પત્ની પર પોતાના જ બનેવી સાથેના સંબંધને લઈને અવારનવાર ખોટી શંકાઓ કરતો હતો. પતિની આ આદત અને ત્રાસથી કંટાળીને પરિણીતાએ પોતાની માતાને ફોન કર્યો હતો. ફોન પર વાતચીત દરમિયાન પત્નીએ જણાવ્યું કે, તેના પતિ તેના પર ખોટી શંકાઓ કરી હેરાન કરે છે.આ વાત સાંભળી જતાં પતિ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો. પોતાની પોલ ખુલી જતાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીને પીઠના ભાગે જોરદાર ઢીકો મારી દઈ શારીરિક ઈજા પહોંચાડી હતી. આટલેથી ન અટકતાં, પતિએ પત્નીને બિભત્સ ગાળો આપી હતી અને 'આજે તો તને જાનથી મારી નાખવી છે' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.










## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૧/૨૬ તા.૦૫/૦૫/૨૦૨૬

**વિવાદી :-** શ્રી ટાંક રજાકભાઈ જમાલભાઈ
રહે.બાબરા રોડ, ચાવંડ તા. લાઠી, જી. અમરેલી ચાવંડ તા. લાઠી, જી. અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી વયોશિ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ. લાઠી,
તા.લાઠી, જી. અમરેલી, મો.૯૩૧૬૦ ૬૮૪૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના નાના ભાઈ સલીમભાઈ જમાલભાઈ ટાંક તથા હનીફભાઈ જમાલભાઈ ટાંકનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ તથા તા.૦૧/૦૬/૧૯૭૧ ના રોજ ચાવંડ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૦/૦૨/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૫/૨૬ તા.૦૫/૦૫/૨૦૨૬

**વિવાદી :-** શ્રી ઘનશ્યામભાઈ બાલાભાઈ પોલરા
રહે.નાના રાજકોટ મો.૬૩૫૪૨૨૩૬૮૧
અરજદારશ્રીના વિ.વ.શ્રી વયોશિ જી. આસોદરીયા એડવોકેટ
તાલુકા પંચાયત સામે, રેલ્વે સ્ટેશન રોડ, મુ. લાઠી,
તા.લાઠી, જી. અમરેલી, મો.૯૩૧૬૦ ૬૮૪૫૬

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.નાના રાજકોટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના બહેન કાન્તાબેન બાલાભાઈ પોલરાનો જન્મ તા.૦૪/૦૮/૧૯૬૪ ના રોજ નાના રાજકોટ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૩/૦૨/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ: લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૮/૨૬

**વિવાદી :-** શ્રી સમીરભાઈ સતારભાઈ મેતર
રહે.દામનગર, તા.લાઠી, જી.અમરેલી, મો.નં.૯૪૨૯૪ ૭૮૧૬૭
અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી નવનીતભાઈ એમ. મકવાણા

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી - વ - ચિફ ઓફીસર સાહેબશ્રી
નગરપાલીકા કચેરી દામનગર

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામગનર ગામના રહિશ આ કામના અરજદારશ્રી સમીરભાઈ સતારભાઈ મેતરનો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૭ ના રોજ તથા અમારી નાની બહેન જીનતબેન સતારભાઈ મેતરનો જન્મ તા.૨૫/૦૫/૧૯૭૯ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૫/૦૨/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

મુ.:- લાઠી
તારીખ :....................

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં.124/2026

પ્રતિ,
શ્રી હવાબેન દાઉદે,
રહે.કોર્ટ વિસ્તાર, અરબા વાડા, ગામ-ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.યુ.જોગદીયા તથા જી.એમ.મુજાવર, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ઉના ગામના રહીશ કાસમ ઉમર મન્સૂરી તથા અમીનાબેન કાસમ મન્સૂરીના પુત્ર ઓસ્માણ કાસમ મન્સૂરીનો જન્મ તા.13/04/1960 ના રોજ ઉના તાલુકાના કોર્ટ વિસ્તાર, ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, ઉના, તાલુકો-ઉના સને-1960 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

### અમુક પેટ્રોલપંપ પર માત્ર રૂ.૧૦૦૦નું જ ડિઝલ અપાતુ હોવાની રાવ

# અમરેલીના પેટ્રોલપંપો પર ડિઝલની અછતથી વાહનચાલકો પરેશાન

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં હાલમાં ઈંધણની ભારે અછત જોવા મળી રહી છે, જેના કારણે પરિવહન ક્ષેત્રે ગંભીર કટોકટી સર્જાઈ છે. જિલ્લામાં ૫૦૦થી વધુ પેટ્રોલપંપો કાર્યરત હોવા છતાં છેલ્લા પાંચ દિવસથી મોટાભાગના પંપો પર ડીઝલનો પુરવઠો પહોંચ્યો નથી, જેને લીધે આ વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.જિલ્લાના મોટાભાગના પેટ્રોલપંપો પર અત્યારે 'નો સ્ટોક'ના બોર્ડ લટકી રહ્યા છે. જ્યાં થોડો ઘણો જથ્થો ઉપલબ્ધ છે ત્યાં પણ સંચાલકો દ્વારા રેશનિંગ કરવામાં આવી રહ્યું છે. હાલની પરિસ્થિતિમાં વાહનચાલકોને માત્ર રૂ.૧૦૦૦નું જ ડીઝલ આપવામાં આવી રહ્યું છે, જે લાંબા અંતરના વાહનો માટે દરિયામાં ટીપા સમાન



છે. પંપ સંચાલકો પણ મજબૂર છે કારણ કે તેઓએ પ્રાથમિકતાના ધોરણે માત્ર એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા વાહનોને જ ઈંધણ પૂરું પાડવાનું નક્કી કર્યું છે. આ પરિસ્થિતિને કારણે પંપ માલિકોને પણ મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ડીઝલની આ તંગીની સૌથી સીધી અને વરવી અસર ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પર પડી છે. હજારો ટ્રક ચાલકો રસ્તા પર અટવાઈ પડ્યા છે અને પેટ્રોલપંપો પર ટ્રકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ટ્રક ડ્રાઈવરોનો આક્રોશ છે કે માત્ર એક હજાર રૂપિયાના ડીઝલથી મોટા વાહનો થોડા કિલોમીટર પણ ચાલી શકતા નથી, જેના કારણે માલસામાનની હેરફેર ખોરવાઈ ગઈ છે. જો આગામી દિવસોમાં આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો બજારમાં ચીજવસ્તુઓની અછત સર્જાઈ શકે છે અને પરિણામે મોંઘવારીમાં ધરખમ વધારો થવાની પૂરેપૂરી સંભાવના છે.

#### પેટ્રોલપંપ પર ડિઝલનો પુરતો જથ્થો : કલેક્ટર

અમરેલી જિલ્લાના પેટ્રોલપંપ ડિઝલનો જથ્થો ઉપલબ્ધ ન હોવા અંગે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યુ હતું કે તમામ પેટ્રોલપંપ પર ડિઝલનો પુરતો જથ્થો છે. વધુમાં કલેક્ટરે જણાવ્યું હતું કે પેટ્રોલપંપો પર ડિઝલનો જથ્થો ન હોવાની હજુ સુધી કોઈ ફરીયાદ આવી નથી. જો કે પેટ્રોલપંપ સંચાલકો ડિઝલનો જથ્થો ન હોવાનું જણાવી રહ્યાં છે.

# રાજુલાનો ધાતરવડી-૧ ડેમ ઉંડો ઉતારવાની કામગીરીનો પ્રારંભ

રાજુલા,તા.૧૩

ધાતરવડી-૧ સિંચાઈ યોજનામાં પાણીનો સંગ્રહ વધારવા માટે ખેડૂતોની લાંબા સમયની માગણીનો સુખદ અંત આવ્યો છે. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ગુજરાત બજાર નિયંત્રણ બોર્ડના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલના વિશેષ પ્રયાસોથી ડેમને ઊંડો ઉતારવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કોટડી જિલ્લા પંચાયતના સદસ્ય વીરભદ્રભાઈ ડાભીયા, માર્કેટયાર્ડના ડાયરેક્ટર રમેશભાઈ વસોયા, તાલુકા પંચાયતના પ્રતિનિધિ હિંમતભાઈ



બલદાણીયા અને ભુપતભાઈ ડોળાશિયા ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર તરફથી નાયબ કાર્યપાલક ઈજનેર કળસરિયા સાહેબ, સેક્શન અધિકારી જાનીભાઈ અને બાલુભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં આ કામગીરીનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આગામી સમયમાં જળસ્તર ઊંચા આવશે અને વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓનું ઈન્ટર DLSS જુડો લીગ-૨૦૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમરેલી,તા.૧૩

રાજ્ય કક્ષાની ઈન્ટર DLSS જુડો લીગ સ્પર્ધાનું આયોજન વડનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજ્ય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. જેમાં ધાંધલા વિધી -૪૦ k.g. -સુવર્ણ પદક, દવે વિશ્વા -૫૨ k.g.-સુવર્ણ પદક, ડાભી હિતેશ-૪૦ k.g -સુવર્ણ પદક, પટેલ મન-૭૩ k.g -સુવર્ણ પદક,માંકોલીયા હાર્દિક -૫૦ k.g



-સુવર્ણ પદક, વાળા યશ -૬૦ k.g -રજત પદક, કુરેશી હસનેન-૨૫ k.g -રજત પદક, જતાપરા હીના-૫૭ k.g -રજત પદક, કુકડીયા મોહિત-૩૦ k.g -કાંસ્ય પદક,મજેઠીયા દક્ષ-૪૦ k.g -કાંસ્ય પદક, ડાભી સાનવી-૩૬ k.g -કાંસ્ય પદક,ચૌહાણ પુજા-૪૮ k.g -કાંસ્ય પદક, ચૌહાણ જયરાજ-૪૫ k.g -કાંસ્ય પદક,કાનાણી ત્રિશા-૩૬ k.g -કાંસ્ય પદક મેળવેલ છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જુડો ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

### અવસાન નોંધ

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી સ્વ. પ્રાણલાલ પરમાનંદદાસ કાણકીયા તથા સ્વ. વિમળાબેન પ્રાણલાલ કાણકીયાની સુપુત્રી સ્વ. મીતલબેન પ્રાણલાલ કાણકીયા ઉંમર વર્ષ (૪૨) તે અલ્પેશકુમાર પ્રાણલાલ કાણકીયા ની નાની બહેન તથા ગં. સ્વ. અંજનાબેન કેતનકુમાર ચિતલીયા તથા જાગૃતિબેન જતીનકુમાર મહેતાની નાની બહેન થાય. તેનું અવસાન તારીખ.૧૨/૫/૨૦૨૬ ને મંગળવારના રોજ સાવરકુંડલા મુકામે થયેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**બાઢડા**

મોંઘીબેન જીવરાજભાઈ રાદડીયા (ઉ.વ.૧૦૨) તે જયસુખ ભાઈ રાદડિયા અને અંતુભાઈ રાદડીયાના માતૃશ્રીનુ તા ૧૨/૫/૨૬ મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા ૧૪/૫/૨૬ ગુરુવાર ના રોજ સવારે ૮:૦૦ થી ૫:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને બાઢડા ખાતે રાખેલ છે.

LAKSHYA EDUCATION
ધોરણ 10 અને 12 માં
નાપાસ થયેલા વિદ્યાર્થી માટે
એક વધુ તક
NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
સરકાર માન્ય બોર્ડ / માન્ય સંસ્થા / NIOS બોર્ડ ના પરીક્ષા કેન્દ્ર
અમરેલી, ગોંડલ, રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ, જામનગર, પોરબંદર, વડોદરા
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા 7043819956

શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કૉમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.

### નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ જુનુ નામ મહેતા માતંગીબેન મુળશંકેર હતું જે તેમાંથી બદલાવીને નવું નામ મહેતા માતંગીબેન મુળશંકરભાઈ રાખેલ છે. હવેથી હું મહેતા માતંગીબેન મુળશંકરભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વોએ નોંધ લેવી.

મહેતા માતંગીબેન મુળશંકરભાઈ
જય ભોલેનાથ, ગીતાંજલી સોસાયટી, જેસર રોડ,
સાવરકુંડલા જી. અમરેલી ૩૬૪૫૧૫

ધો. ૧૦ A1 - A2 ગ્રેડને
ધો. ૧૧ એક વર્ષ
50% - 25% આ.કો.સા.
શરતી સ્કૂલ ફી રાહત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad061

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૧/૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬

**વિવાદી :-** શ્રી વઘાસીયા શારદાબેન ભુપતભાઈ, રહે. બી/૩૯, ત્રિકમનગર-૧, એલએચ રીંડ વરાછા રોડ સુરત, મો.૯૮૨૪૩૭૮૫૪૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી હિંમત એમ.રાઠોડ, રહે.તાલુકા પંચાયત પાસે રેલવે સ્ટેશન રોડ, મુ.લાઠી,જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી મુ.કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કાંચરડી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો વઘાસીયા મધુબેન ભુપતભાઈ નો જન્મ તા.૦૧/૦૪/૧૯૬૯ ના રોજ કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફ અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હકુમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૪૦/૨૦૨૬

અરજદાર :- શ્રી સુલેમાનભાઈ નુરમામદભાઈ કાલવા
રહે. મોટા ખાટકીવાડ, સીતામાતા મંદિર, બહારપરા, અમરેલી, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ. અમરેલી, તા/જી-અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુલેમાનભાઈ નુરમામદભાઈ કાલવા તેમના પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૫૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૪૩/૨૦૨૬

અરજદાર :- શ્રી નાહિદભાઈ હારૂનભાઈ સુરૈયા
રહે. જુની સબ જેલ પાસે, મા દરગાહની સામે, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, મુ. અમરેલી, તા/જી-અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં નાહિદભાઈ હારૂનભાઈ સુરૈયા તેમના કાકાની પુત્રી શબાના ગનીભાઈ સુરૈયાનો જન્મ (તા.૧૪/૦૨/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. /૨૦૨૬

અરજદાર : શ્રી સોલંકી મનુભાઈ હનુભાઈ
સરનામુ : મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી - વડલી
મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી સોલંકી મનુભાઈ હનુભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી સોલંકી સૂર્યકુમાર મનુભાઈ નો જન્મ** તા.૨૬/૧૨/૨૦૦૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# વંડા ગામે 'તું મને બહુ ગમે છે, મારે તને એકલા મળવું છે' કહી યુવતીની છેડતી કરાઈ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાના વંડા ગામે રહેતી એક યુવતીને 'તું મને બહુ ગમે છે, મારે તને એકલા મળવું છે' તેમ કહી તેની છેડતી કરવામાં આવી હતી. આ બનાવ અંગે રીંકલબેન દુલાભાઈ પરમાર (ઉ.વ. ૨૦) એ મુન્નાભાઈ રવજીભાઈ રાઠોડ, રવજીભાઈ રાઠોડ તથા જયાબેન રવજીભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, યુવતી જ્યારે પોતાના ભાઈને ઘરે જમવા બોલાવીને પરત ફરી રહી હતી, ત્યારે આરોપી મુન્નાભાઈ રાઠોડે આંખના ઈશારા કરી તેની છેડતી કરી હતી. આરોપીએ 'તું મને બહુ ગમે છે અને મારે તને એકલા મળવું છે' કહી અશોભનીય માંગણી કરી હતી. ગભરાઈ ગયેલી યુવતીએ ઘરે જઈને આ બાબતે તેના ભાઈ-બહેનને જાણ કરી હતી.

યુવતીના ભાઈએ આરોપીને ફોન પર ઠપકો આપતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ યુવતીના પિતા આરોપીને સમજાવવા ગયા હતા, પરંતુ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. આરોપીએ લાકડાના ફટકા વડે યુવતીના પિતા પર હુમલો કરી જમણા હાથના બાવડાના ભાગે ઈજા પહોંચાડી હતી. વધુમાં, 'આજે તો બચી ગયા, હવે પછી જીવતા નહીં રહેવા દઉં' તેવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં અકસ્માતની બે ઘટના : એસટી બસની ટક્કરથી યુવકનું મોત, ટ્રકે આઈસરને ઠોકર મારતા મુસાફરો ઈજાગ્રસ્ત

**અકસ્માત સર્જી બંને ચાલકો ફરાર થઈ ગયા**

અમરેલી, તા. ૧૩

જિલ્લામાં માર્ગ અકસ્માતના બે અલગ-અલગ બનાવોમાં એક યુવકે જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય એક ઘટનામાં ટ્રક ચાલકે આઈસરને ટક્કર મારતા અનેક લોકોને ઈજાઓ પહોંચી હતી. બંને કિસ્સામાં અકસ્માત સર્જી ચાલકો નાસી છૂટ્યા હોવાનું સામે આવ્યું છે.અમરેલીના માંગવાપાળ રોડ પર નારાયણ જીનિંગ મિલ સામે હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. માંગવાપાળથી અમરેલી તરફ પોતાનું મોટરસાયકલ લઈને આવી રહેલા ભાવેશભાઈ નામના યુવકને સામેથી આવતી એસટી બસના ચાલકે અડફેટે લીધો હતો. એસટી બસના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવતા ભાવેશભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ એસટી બસનો ચાલક વાહન લઈને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.બીજી ઘટના નેશનલ હાઈવે પર છતડીયા ગામ પાસે બની હતી. ઉંચા કોટડાથી ડેડાણ તરફ જઈ રહેલા એક આઈસરને હિંડોરણા તરફથી આવતા ટ્રકના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. ટ્રક ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી આઈસરની ડાબી સાઈડમાં ઉભેલા મુસાફરોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં આઈસરમાં સવાર મુસાફરોના હાથ, કોણી અને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનો ટ્રક રસ્તા પર જ મૂકીને નાસી છૂટ્યો હતો.

# બાબરા તાલુકાના અમરાપરા ગામેથી ૩ શકુનીઓ ઝડપાયા

**પોલીસે રૂ.૫૫૮૦ની રોકડ રકમ કબજે કરી જુગારધારા હેઠળ ગૂનો નોંધ્યો**

બાબરા, તા. ૧૩

બાબરાના અમરાપરા ગામે પોલીસે દરોડો પાડી જાહેરમાં લાઈટના અંજવાળે જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

જેમાં રજનીભાઈ રવજીભાઈ વરસડા, સાગરભાઈ હરેશભાઈ વાઘેલા તથા પરેશભાઈ માવજીભાઈ વેકરીયા તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રંગેહાથ પકડાયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ. ૫,૫૮૦ તથા ગંજીપાના કબજે કર્યા છે. આ મામલે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# દામનગરના માનવ સેવા સંસ્થાનને એક વોટર કુલર ભેટ સ્વરૂપે અર્પણ

અમરેલી,તા.૧૩

દામનગર શહેરમાં માનવ સેવાના ઉમદા કાર્યોમાં વધુ એક સોપાન ઉમેરાયું છે. સુરત સ્થિત જય ભગવાન યુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સ્વર્ગસ્થ નાગજીભાઈ ગોવિંદભાઈ નારોલાના પરિવારજનો દ્વારા દામનગરના માનવ સેવા સંસ્થાનને એક વોટર કુલર ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું છે. આ સેવાકીય કાર્ય સ્વર્ગસ્થ નાગજીભાઈ ગોવિંદભાઈ નારોલાની પવિત્ર પુણ્યસ્મૃતિમાં કરવામાં આવ્યું છે. આ ઉમદા પહેલમાં જય ભગવાન યુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિપુલભાઈ નારોલા અને પ્રેમવતી ગોલ્ડ પરિજન બાબરીયા પરિવારનો સંયુક્ત આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. આ નવનિર્મિત સંસ્થાનના પરિસરમાં જ્યારે ભૂમિપૂજનનો રૂડો અવસર યોજાયો હતો, ત્યારે પૂજ્ય સંતોની ગરિમામય ઉપસ્થિતિમાં આ વોટર કુલરનું વિધિવત રીતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ આશ્રમમાં વસવાટ કરતા જરૂરિયાતમંદ લોકો અને રસ્તે પસાર થતા રાહદારીઓને કાળઝાળ ગરમીમાં કાયમી ધોરણે શુધ્ધ અને શીતળ જળ મળી રહે તેવો છે.



# ધારી પંથકમાં ફોન પર ધમકીઓથી કંટાળી યુવતીએ કર્યો આપઘાતનો પ્રયાસ

ધારી, તા.૧૩

સામાજિક કે અંગત અદાવતમાં ફોન પર આપવામાં આવતી ધમકીઓ ક્યારેક ગંભીર સ્વરૂપ ધારણ કરી લેતી હોય છે. ધારીમાં આવી જ એક ઘટના સામે આવી છે, જેમાં આરોપીઓ દ્વારા સતત આપવામાં આવતી જાનથી મારી નાખવાની ધમકીઓ અને ગાળાગાળીથી વ્યથિત થઈ એક યુવતીએ એસિડ પી લેતા ચકચાર મચી ગઈ હતી.આ બનાવ અંગે યુવતીએ ગુંદરણના ભરતભાઈ વિનુભાઈ ઉગરેજીયા તથા આંબા કણકોટના અશ્વિનભાઈ બચુભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપીઓ ફોન પર વારંવાર બિભત્સ ગાળો આપતા હતા. આરોપીઓએ માત્ર યુવતીને જ નહીં, પરંતુ સાહેદોને પણ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને યુવતીએ અત્યંત આઘાતમાં આવી એસિડ પી લેતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

# અમરેલી સરકારી પોલીટેકનિક ખાતે શનિવારે નિ:શુલ્ક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

અમરેલી,તા.૧૩

ડો. જીવરાજ એન. મહેતા સરકારી પોલિટેકનિક, અમરેલી દ્વારા ધોરણ ૧૦ પછીના પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમો (વર્ષ ૨૦૨૬-૨૭) માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અને કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ (ACPDC) ના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને વાલીઓની પ્રવેશ પ્રક્રિયા અંગેની મૂંઝવણો દૂર કરવાનો છે.

આ વિશેષ સેમિનાર આગામી ૧૬ મે, ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ કલાક દરમિયાન લાઠી રોડ સ્થિત સરકારી પોલિટેકનિક ખાતે યોજાશે. તજજ્ઞો દ્વારા પ્રવેશના ક્રમિક પગલાં અને વિવિધ કોર્સીસની સચોટ માહિતી આપવામાં આવશે. સંસ્થા દ્વારા તમામ રસ ધરાવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને આ માર્ગદર્શનનો લાભ લેવા સમયસર હાજર રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**પરિવારને જાનથી મારી નાખવાની ધમકી**

# લાઠીના હરસુરપુર દેવળીયામાં મોબાઈલ રિપેરિંગના પૈસા માંગતા ડખ્ખો

**ત્રણ શખ્સોએ પાઈપ અને પથ્થરો વડે હુમલો કરી વાહનોમાં તોડફોડ કરી**

લાઠી, તા. ૧૩

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે મોબાઈલ રિપેરિંગના નજીવા પૈસા બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. રિપેરિંગના પૈસા માંગતા ઉશ્કેરાયેલા શખ્સોએ એક જ પરિવારના સભ્યો પર લોખંડની પાઈપો અને પથ્થરો વડે હુમલો કરી, વાહનોમાં તોડફોડ કરી રૂ. ૨૦,૦૦૦થી વધુનું નુકસાન પહોંચાડ્યું હતું. જગદીશભાઈ જાદવભાઈ હાડગરડા (ઉ.વ. ૨૮) એ વિપુલભાઈ કડવાભાઈ સોહલા, કડવાભાઈ નોંઘાભાઈ સોહલા તથા ભાવેશભાઈ કડવાભાઈ સોહલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીના નાના ભાઈની મોબાઈલ રિપેરિંગની દુકાન પર આરોપીના ટ્રેક્ટર ડ્રાઈવરે ફોન રિપેર કરાવવા આપ્યો હતો. મોબાઈલ રિપેર થઈ ગયા બાદ જ્યારે ફરિયાદીના ભાઈએ રિપેરિંગના પૈસાની માંગણી કરી, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ફરિયાદીના ભાઈને ગાળો આપી બે-ચાર થપાટ ઝીંકી દીધી હતી.આટલેથી ન અટકતા, જ્યારે ફરિયાદી અને તેમના ભાઈ ઘર પાસે ઉભા હતા, ત્યારે ત્રણેય આરોપીઓએ ત્યાં આવી બીભત્સ ગાળો બોલી પથ્થરમારો શરૂ કર્યો હતો. લોખંડની પાઈપો વડે ફરિયાદી અને તેના ભાઈ પર આડેધડ પ્રહાર કર્યા હતા. આ ઝઘડામાં વચ્ચે પડેલા સાક્ષી ભનુબેનને પણ આરોપીઓએ પાઈપના ફટકા મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. હુમલાખોરોએ માત્ર શારીરિક ઈજાઓ જ નહીં, પરંતુ પથ્થરમારો કરી ફરિયાદીના વાહનોના કાચ તોડી નાખ્યા હતા.

પ્રાથમિક અંદાજ મુજબ વાહનોમાં અંદાજે રૂ. ૨૦,૦૦૦થી વધુનું નુકસાન થયું છે. હુમલો કર્યા બાદ આરોપીઓએ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૧૪-૦૫-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૩૧,
સૂર્યાસ્ત-૦૭:૦૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

તા.૧૪-૦૫-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ રહેશે. પરંતુ બપોરે તમે નિર્ધારિત સમય પર તમારા કાર્યોને ઉત્સાહથી પૂર્ણ કરી શકશો.

વૃષભ: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સારો રહેશે, પરંતુ થોડી વધારે મહેનત કરશો. કોઈપણ જૂના નિર્ણય અથવા ડીલમાં ચોક્કસપણે સફળતા મળશે.

મિથુન: તમારા માટે આજનો દિવસ વ્યસ્ત અને લાભકારક રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. આજે કાર્યમાં સફળતાના કારણે આત્મવિશ્વાસ વધશે.

કર્ક: આજે બપોર સુધી ધંધો સરળતાથી ચાલશે. આ પછીનો સમય થોડો અવરોધવાળો રહેશે, લોકો તમારી સાથે વિવાદ કરી શકે છે.

સિંહ: આજે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે.આજે કાર્યક્ષેત્ર અને ઘરની બાબતોમાં સાથે મળીને વિવિધ સમસ્યાઓના ઉદભવને કારણે મન થોડો સમય ખાલી થઈ જશે.

કન્યા: આજે તમે દિવસના પહેલા ભાગમાં પ્લાનિંગ સાથે કામ કરશો અને બપોર સુધી તમારી મહેનતનું ફળ ના મળવાથી તમે થોડા નિરાશ થશો.

તુલા: આજનો દિવસ તમને મિશ્ર પરિણામ આપશે. મનમાં ક્રોધ અને નફરતની લાગણીને કારણે પ્રિયજનથી અંતર થઈ શકે છે.

વૃશ્ચિક: આજે પરિસ્થિતિ તમારા માટે અનુકૂળ રહેશે, પરંતુ આળસ અને મનોરંજન અને શોખના વલણને કારણે તમે સમયનો પૂરો લાભ લઈ શકશો નહીં.

ધન: નવા સંબંધોથી ભાગ્ય ચમકશે અને તમને સામાજિક સન્માન મળશે. આ સાથે તમે ક્રિયા-પ્રતિક્રિયા વધારવામાં પણ સફળ થશો. દંપતિમાં સુમેળ રહેશે.

મકર: આજે તમે તમારા સ્વભાવમાં ઉતાવળ કરશો, પહેલા તમે તમારા કાર્ય પ્રત્યે બેદરકાર થશો, પાછળથી તમે ઉતાવળમાં આવી શકો છો.

કુંભ: આજે ચઢાવ-ઉતારનો દિવસ રહેશે. તમે જે કાર્યમાંથી લાભની અપેક્ષા કરી રહ્યા છો તેમાં અંતિમ સમયમાં નિરાશા મળી શકે છે.

મીન: આજનો દિવસ ફાયદાકારક છે, પરંતુ કોઈ પણ અવરોધ તમને મુશ્કેલીમાં મુકી શકે છે, જે તમારું ધ્યાન વિચલિત કરશે.

# મોટા ભંડારીયા કૃષિ મહાવિદ્યાલય ખાતે ૧૬ દિવસીય નાણાકીય સાક્ષરતા તાલીમનો પ્રારંભ

અમરેલી,તા.૧૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારીયા ખાતે વિદ્યાર્થીઓને નાણાકીય ક્ષેત્રે સક્ષમ બનાવવા ૧૬ દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. કુલપતિ ડૉ. વી. પી. ચોવટિયાની પ્રેરણાથી, બજાજ ફિનસર્વ લિમિટેડ, પુણેના સહયોગથી તા. ૧૧ થી ૨૬ મે, ૨૦૨૬ દરમિયાન 'સર્ટિફિકેટ પ્રોગ્રામ ઈન બેન્કિંગ, ફાઈનાન્સ એન્ડ ઈન્સ્યોરન્સ (CPBFI)'નું આયોજન કરવામાં આવ્યું છે.કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. ડી. એસ. કેલૈયાએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નાણાકીય સાક્ષરતા અને આયોજનની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. બજાજ ફિનસર્વના માસ્ટર ટ્રેનર હેમેન્દ્ર પુરોહિતે રોજિંદા જીવનમાં નાણાકીય જ્ઞાનનું મહત્વ સમજાવ્યું હતું. કોલેજના વિવિધ ફેકલ્ટી સભ્યો દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને બેંકિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રમાં ઊભરી રહેલી કારકિર્દીની તકોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંચાલન અને આયોજન કોલેજના ફેકલ્ટી સભ્યો ડૉ. વી. સી. ગઢીયા, ડૉ. એસ. એસ. સપ્રે, ડૉ. વી. વી. અગ્રાવત, ડૉ. પી. એચ. ઝાલા તથા ડૉ. પી. જે. ડાવરીયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.



# જાફરાબાદના ટીંબી ગામેથી IPL મેચ પર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

જાફરાબાદ, તા. ૧૩

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે IPL મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા એક શખ્સને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જાફરાબાદ પોલીસને મળેલી ચોક્કસ બાતમી મુજબ ટીંબી ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન અશરફભાઈ ઉર્ફે આદમ સતારભાઈ બમાણી (ઉં.વ. ૪૦) પોતાના આર્થિક ફાયદા માટે પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહેલી મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા અને રમાડતા રંગેહાથ ઝડપાયા હતા.પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૫,૧૦૦ની રોકડ અને રૂપિયા ૧૧,૦૦૦ની કિંમતના ૨ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૬,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં ઉછીના પૈસા ન આપતા મિત્ર પર લોખંડની પાઈપ અને છરી વડે જીવલેણ હુમલો

અમરેલી, તા.૧૩

અમરેલીમાં ઉછીના પૈસાની માગણી બાબતે એક યુવક પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે ગાળાગાળી કરી લોખંડની પાઈપ અને છરી વડે હુમલો કર્યો હતો, જેના કારણે ભોગ બનનાર યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અલ્ફાજભાઈ સીદીકભાઈ નાગરીયા (ઉ.વ.૬૧) એ એજાજ ભાડુલા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપીને પૈસાની જરૂર હોવાથી તેણે ફરિયાદી પાસે ઉછીના નાણાં માંગ્યા હતા. જોકે, તે સમયે ફરિયાદી પાસે રકમ ઉપલબ્ધ ન હોવાથી તેમણે પૈસા આપવા માટે અસમર્થતા દર્શાવી હતી.આ સાંભળતા જ આરોપી મિજાજ ગુમાવી બેઠો હતો અને હિંસક બની ગયો હતો. આરોપીએ સૌપ્રથમ બિભત્સ ગાળો આપી અને ત્યારબાદ લોખંડની પાઈપ વડે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આટલેથી ન અટકતા, આરોપીએ પોતાના પેન્ટના ખિસ્સામાંથી છરી કાઢી ફરિયાદીના ડાબા હાથના બાવડાના ભાગે ઝીંકી દીધી હતી. આ હુમલામાં ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચતા હાથના ભાગે ચાર ટાંકા આવ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. લંગાળિયા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના શેલણા ગામે પુત્રના ઝઘડામાં વચ્ચે પડેલા વૃધ્ધ દંપતી પર પાઈપ અને કુહાડીથી હુમલો

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે નજીવી બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પુત્ર અને પાડોશી વચ્ચે થતા ઝઘડામાં મધ્યસ્થી કરવા ગયેલા પિતા અને માતા પર ત્રણ શખ્સોએ પાઈપ, કુહાડી અને પથ્થરો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે રવજીભાઈ શામજીભાઈ રાઠોડ (ઉ.વ. ૬૦) એ વિજયભાઈ દુલાભાઈ રાઠોડ, દુલાભાઈ પરમાર અને રીંકલબેન દુલાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ પ્રમાણે, રવજીભાઈ અને તેમના પત્ની જયાબેન ઘરે હાજર હતા, ત્યારે ઘરની બહાર મોટેથી બોલાચાલીનો અવાજ સંભળાયો હતો. દંપતીએ બહાર જઈને જોયું તો તેમનો પુત્ર મુન્નાભાઈ અને આરોપીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ રહી હતી. માતા-પિતા બંને પક્ષોને સમજાવવા અને મામલો શાંત પાડવા વચ્ચે પડ્યા હતા. સમજાવટ દરમિયાન આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમના હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે જયાબેન પર હુમલો કર્યો હતો. આરોપીએ જયાબેનના માથામાં પાઈપનો ઘા ઝીંકતા તેમને પાંચ ટાંકા આવ્યા હતા. પત્નીને બચાવવા વચ્ચે પડેલા ફરિયાદી (રવજીભાઈ) ને પણ આરોપીએ પાઈપ ફટકારતા કપાળના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા.

તંત્રી લેખ

# લાખો વિદ્યાર્થીઓના સપના ચકનાચૂર

નીટ વિવાદનો બોધપાઠ પરીક્ષાના આયોજકે લેવો જોઈએ પરંતુ આ બોધપાઠ ૨૨ લાખ વિદ્યાર્થીઓ અને તેના વાલીઓને દંડ રૂપે મળી રહ્યો છે. પરીક્ષા રદ થવાથી લાખો વિદ્યાર્થીઓના સપનાઓ ધૂળમાં મળ્યા છે

નીટ એટલે કે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એ ભારતભરમાં મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટેની સૌથી મહત્વની પ્રવેશ પરીક્ષા છે. જો કોઈ વિદ્યાર્થીને ધોરણ ૧૨ પછી એમબીબીએસ કે બીડીએસ જેવા તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવો હોય, તો આ પરીક્ષા પાસ કરવી અનિવાર્ય છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આયોજિત આ પરીક્ષામાં મુખ્યત્વે ત્રણ વિષયોનો સમાવેશ થાય છે જેમાં જીવવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પરીક્ષાનું માળખું વૈકલ્પિક પ્રશ્નો પર આધારિત હોય છે અને તેમાં નેગેટિવ માર્કિંગની પણ જોગવાઈ હોય છે, જેનો અર્થ એ છે કે ખોટો જવાબ આપવા પર ગુણ કપાઈ શકે છે.

ભારતની તમામ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે માત્ર નીટના પરિણામને જ પ્રમાણભૂત માનવામાં આવે છે. એટલું જ નહીં, હવે આયુર્વેદ કે હોમિયોપેથી જેવા કોર્સમાં જોડાવા માટે પણ આ પરીક્ષાના ગુણ ધ્યાનમાં લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ આ પરીક્ષા તેમની અનુકૂળતા મુજબ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી જેવી વિવિધ ભાષાઓમાં આપી શકે છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસે છે, તેથી તેમાં ખૂબ જ ઊંચી સ્પર્ધા જોવા મળે છે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહમાં બી-ગ્રુપ રાખ્યું હોય અને ડૉક્ટર બનવાનું સપનું સેવતા હોય, તેમના માટે આ પરીક્ષા સફળતાનું સૌથી પહેલું અને અનિવાર્ય પગથિયું ગણાય છે.

દેશના લાખો તેજસ્વી યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ **(NEET-UG)** ૨૦૨૬ની પરીક્ષા રદ થવી એ માત્ર એક વહીવટી નિષ્ફળતા નથી, પરંતુ રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા પર લાગેલો એક મોટો ડાઘ છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી **(NTA)** જેવી જવાબદાર સંસ્થા જ્યારે પેપર લીક અને અનિયમિતતાઓના વાવાઝોડામ ાં ઘેરાય છે, ત્યારે તેની સીધી અસર દેશના લાખો પ્રામાણિક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના મનોબળ પર પડે છે.

આ સમગ્ર કાંડની તપાસની કડીઓ જોઈએ તો તે અત્યંત ચોંકાવનારી છે. તપાસ એજન્સીઓના મતે, પ્રશ્નપત્ર છપાય તે પહેલાં જ પ્રશ્નો લીક થઈ ગયા હતા. રાજસ્થાનના સીકર અને ચૂરૂથી શરૂ થયેલું આ પાપનું નેટવર્ક કેરળ, મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તરાખંડ અને બિહાર જેવાં અનેક રાજ્યોમાં ફેલાયેલું હતું. આધુનિક ટેકનોલોજીનો દુરુપયોગ કરીને **WhatsApp** અને **Telegram** જેવા પ્લેટફોર્મ પર પ્રશ્નપત્રો વેચવામાં આવ્યા. જ્યારે ૯૦ બાયોલોજી અને ૩૫ કેમિસ્ટ્રીના પ્રશ્નો બેઠેબેઠા મળી આવ્યા, ત્યારે સ્પષ્ટ થઈ ગયું કે આ કોઈ નાની ચૂક નહીં પણ સુનિયોજિત કાવતરું હતું. એસ.કે. કન્સલ્ટન્સી જેવા સંગઠનો અને મનીષ કે રાકેશ જેવા નામો જે રીતે સામે આવ્યા છે, તે શિક્ષણ ક્ષેત્રે ફેલાયેલા ઉધઈ સમાન એજન્ટોની સક્રિયતા દર્શાવે છે.

સરકાર અને **NTA** એ હવે વાતોના વડા કરવાને બદલે નક્કર કામગીરી કરીને ફરી એકવાર વિદ્યાર્થીઓનો વિશ્વાસ જીતવો પડશે.

# વૈશ્વિક ફલક પર અમેરિકાના એકહથ્થુ પ્રભુત્વનો સૂર્યાસ્ત ?

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી માં પરિણમ્યા છે, જે બે લોકશાહી દેશો વચ્ચે વધતા જતા સહયોગને પ્રતિબિંબિત કરે છે. આ ભાગીદારી સંરક્ષણ, વેપાર, ટેકનોલોજી અને વૈશ્વિક શાસન સહિતના બહુવિધ ક્ષેત્રોમાં વિસ્તરી છે .સંરક્ષણ ક્ષેત્રે સહયોગ એ દ્વિપક્ષીય સંબંધોનો મુખ્ય આધારસ્તંભ છે. ૨૦૨૫માં બંને દેશોએ 'મેજર ડિફેન્સ પાર્ટનરશિપ' માટેનો ફ્રેમવર્ક પર હસ્તાક્ષર કર્યા હતા, જેનો ઉદ્દેશ્ય સંયુક્ત વિકાસ, સહ-ઉત્પાદન અને ઔદ્યોગિક ભાગીદારીને વધારવાનો છે.

વીસમી સદીના અંતમાં જ્યારે સોવિયેત યુનિયનનું વિઘટન થયું, ત્યારે વિશ્વ 'એકધ્રુવીય' (Unipolar) બની ગયું હતું. અમેરિકા એકમાત્ર મહાસત્તા તરીકે ઉભરી આવ્યું અને દાયકાઓ સુધી તેનું વર્ચસ્વ કાયમ રહ્યું. પછી ભલે તે આર્થિક નીતિઓ હોય, સૈન્ય તાકાત હોય કે સાંસ્કૃતિક પ્રભાવ; અમેરિકાની મંજૂરી વિના વિશ્વમાં પાંદડું પણ હલતું નહોતું. પરંતુ, ૨૧મી સદીના ત્રીજા દાયકામાં પ્રવેશતાની સાથે જ પશ્ચિમી શક્તિના આ કિલ્લામાં તિરાડો દેખાઈ રહી છે. આજે એ સવાલ ગંભીરતાથી પૂછાઈ રહ્યો છે કે, શું અમેરિકાનું પ્રભુત્વ ખતમ થઈ રહ્યું છે?

અમેરિકાની અસલી તાકાત તેની સેના કરતાં પણ વધુ તેના ચલણ 'ડોલર'માં રહી છે. વિશ્વનો મોટાભાગનો વેપાર ડોલરમાં થતો હોવાથી અમેરિકા કોઈપણ દેશ પર આર્થિક પ્રતિબંધો લાદીને તેને ઘૂંટણિયે લાવી શકતું હતું. પરંતુ તાજેતરના વર્ષોમાં 'ડી-ડોલરાઈઝેશન' એટલે કે ડોલર સિવાયના ચલણમાં વેપાર કરવાની પ્રવૃત્તિ વધી છે. ચીન, રશિયા અને ભારત જેવા દેશો હવે પોતાની સ્થાનિક કરન્સીમાં વેપાર કરવા તરફ વળ્યા છે. ચીનનું અર્થતંત્ર જે ઝડપે વધી રહ્યું છે, તે જોતા નિષ્ણાતો માને છે કે આગામી દાયકામાં ચીન જીડીપીની દ્રષ્ટિએ અમેરિકાને પાછળ છોડી દેશે.

અમેરિકા તેની આધુનિક સેના માટે જાણીતું છે, પરંતુ અફઘાનિસ્તાનમાંથી જે રીતે અમેરિકી સૈનિકોએ ઉતાવળે વિદાય લેવી પડી, તેનાથી તેની છબીને મોટો ધક્કો પહોંચ્યો છે. રશિયા-યુક્રેન યુધ્ધ અને ગાઝા સંઘર્ષમાં પણ અમેરિકા પ્રત્યક્ષ રીતે કોઈ મોટો ઉકેલ લાવી શક્યું નથી. આ ઘટનાઓ સાબિત કરે છે કે હવે માત્ર હથિયારોના જોરે દુનિયાને નિયંત્રિત કરવી શક્ય નથી. બીજી તરફ, સ્પેસ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ક્ષેત્રમાં પણ હવે અમેરિકાની એકહથ્થુ સત્તા રહી નથી. અત્યાર સુધી વિશ્વની નીતિઓ **G-7** જેવા પશ્ચિમી સંગઠનો નક્કી કરતા હતા. પરંતુ હવે બ્રિક્સ **(BRICS)** અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન **(SCO)** જેવા સંગઠનો મજબૂત બન્યા છે. બ્રિક્સમાં નવા દેશોના જોડાવાથી વૈશ્વિક વસ્તી અને સંસાધનો પર પૂર્વના દેશોની પકડ મજબૂત થઈ છે. ગ્લોબલ સાઉથ (વિકાસશીલ દેશો) હવે પશ્ચિમના દેશોના આદેશો માનવાને બદલે પોતાના હિતોને પ્રાધાન્ય આપી રહ્યા છે.

કોઈપણ સામ્રાજ્યનું પતન તેના આંતરિક કારણોથી પણ થતું હોય છે. અમેરિકા અત્યારે ભયંકર રાજકીય ધ્રુવીકરણનો સામનો કરી રહ્યું છે. મોંઘવારી, બેરોજગારી અને આંતરિક ગુનાખોરીના કારણે ત્યાંની પ્રજામાં અસંતોષ છે. અમેરિકન લોકશાહીના પાયા ગણાતી સંસ્થાઓ પરનો વિશ્વાસ ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે, જે તેની વૈશ્વિક પ્રતિષ્ઠાને અસર કરે છે.


આ બદલાતા સમીકરણોમાં ભારત એક 'બ્રિજ' (સેતુ) તરીકે ઉભરી રહ્યું છે. ભારત ન તો પશ્ચિમનો આંધળો વિરોધ કરે છે, ન તો પૂર્વની શક્તિઓ સામે ઝૂકે છે. ભારતની વધતી જતી આર્થિક અને રાજદ્વારી તાકાત એ સંકેત છે કે હવે સત્તાનું કેન્દ્ર વોશિંગ્ટનથી ખસીને એશિયા તરફ આવી રહ્યું છે.

અમેરિકા રાતોરાત ખતમ થઈ જશે તેવું માનવું ભૂલભરેલું છે. તેની પાસે હજુ પણ વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ, ટેકનોલોજી અને રિસર્ચ સેન્ટર્સ છે. જોકે, એ વાત ચોક્કસ છે કે 'અમેરિકા જે કહે તે જ સાચું' વાળો યુગ પૂરો થયો છે. હવે આપણે એક એવા 'બહુધ્રુવીય વિશ્વ' માં પ્રવેશી રહ્યા છીએ જ્યાં ભારત, ચીન, રશિયા અને અમેરિકા જેવા અનેક સત્તાકેન્દ્રો હશે. આ પરિવર્તન વિશ્વ શાંતિ માટે ક્યારેક જોખમી તો ક્યારેક સંતુલન જાળવનાર સાબિત થઈ શકે છે.



**એક સમયે બ્રિટિશ સામ્રાજ્યનો સુરજ આથમતો નહોતો તેનો દાયકો પૂરો થયો ત્યારબાદ અમેરિકાનું પ્રભુત્વ વધતું ગયું આજે અમેરિકાનો સુરજ પણ આથમી રહ્યો છે.**

## શબ્દ સંજોગ-૨૧૯૬



**આડી ચાવી :**
(૧) શ્વાસ લેવો અને મૂકવો તે (૪)
(૪) જન્મ-મરણની ઘટમાળ (૩)
(૬) સરખુ, સમાન (૨)
(૭) કાવ્ય, કવન (૩)
(૮) પરિપૂર્ણ સફળ કે સાબિત થવુ તે (૨)
(૯) પ્રભાસપાટણની આસપાસનો દરિયાકાંઠાનો પ્રદેશ (૩)
(૧૦) પાસે, નિકટ (૩)
(૧૨) સ્ત્રીઓનું નાકનું એક ઘરેણુ (૨)
(૧૩) ગળુ, ડોક (૨)
(૧૫) પ્રમાણ, વિસ્તાર (૨)
(૧૬) શરમ, સંકોચ (૩)
(૧૭) એક કંદ (૩)
(૧૯) ખુશ, સંમત (૨)
(૨૦) કાકીના પતિ (૨)
(૨૧) પથારી (૨)
(૨૨) રોકડુ, રોકડા પૈસા (અ) (૩)
(૨૩) મુખ, ચેહેરો (૩)
(૨૫) ધીરધાર થતી હોય તે બજાર (૨)
(૨૬)ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
(૨૭) દીવો (૩)

**ઉભી ચાવી :**
(૧) નાકથી વાયુ લેવો મૂકવો તે (૨)
(૨) બાર પૈકીમાનું એક જ્યોતિર્લિંગ (૪)
(૩) એક કંદ (૫)
(૪) સંતતિ (૩)
(૫) રસિયુ, ભાવુક (૩)
(૧૧) આયુષ્ય, જીંદગી (૩)
(૧૨) પાંચ પાંડવમાનો એક (૩)
(૧૪) દાંતમાંથી પવન પસાર થતા થતો અવાજ (૪)
(૧૫) ઘણો નાનો ભાગ, પરમાણુ (૨)
(૧૬) ઈસ્લામી ન્યાયાધીશ (૨)
(૧૮) એક તંતુવાદ્ય (૩)
(૧૯) રાણી જેવી ભાગ્યશાળી સ્ત્રી (૪)
(૨૦) દયા ઉપજાવે એવી આજીજી (૪)
(૨૩) વાંકુ (૨)
(૨૪) નમેલુ (૨)

## શબ્દ સંજોગ-૨૧૯૫ જવાબ

**આડી ચાવી:** (૧) ઉકેલ (૩) આસ્તે (૪) ઉમા (૫) હેમંત (૭) ઉદ (૮) ઉરગાદ (૯) તાયફો (૧૧) ઉર (૧૨) ઉર (૧૩) વાસવ (૧૫) ઉષ્મા (૧૭) જહાજ (૧૮) ઉત્તર (૨૦) વાન (૨૧) પરખ (૨૨) ભય (૨૩) પા (૨૪) વંદે (૨૫) લેસર (૨૬) મે (૨૭) શરત. **ઉભી ચાવી:** (૧) ઉક્ત (૨) લહેર (૩) આતદ(આદત) (૪) ઉદય (૬) મંગાળો (૭) ઉતાર (૮) ઉરસ (૧૦) ફોડ (૧૧) ઉવાટ (૧૨) ઉષ્મા (૧૪) વજન (૧૫) ઉજર (૧૬) ઉત્તર (૧૮) ઉપદેશ (૧૯) રખપત (૨૦) વાયસ (૨૨) ભલે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૧૯૯૩ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૪૧ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૩૬ |
| જુવાર લાલ | ૮૬૧ | ૯૭૦ |
| જુવાર પીળી | ૪૦૧ | ૪૩૦ |
| બાજરી | ૩૫૦ | ૪૬૮ |
| મકાઇ | ૩૩૦ | ૪૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૮૭ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૫૧ |
| મગ | ૧૫૯૦ | ૧૯૫૦ |
| વાલ દેશી | ૩૦૦ | ૧૦૭૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૩૭ |
| વટાણા | ૫૦૦ | ૯૯૯ |
| કળથી | ૩૦૬ | ૭૦૨ |
| રાજમા | ૬૦૦ | ૧૬૯૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૨૩૬ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૨૨૫ | ૧૭૦૦ |
| અળશી | ૧૬૨૫ | ૧૬૭૫ |
| તલી | ૧૮૫૦ | ૨૧૩૦ |
| સુરજમુખી | ૧૨૨૫ | ૧૩૯૬ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૯૦ |
| અજમો | ૧૦૦૦ | ૧૯૩૦ |
| સુવા | ૧૧૩૦ | ૧૫૨૦ |
| સોયાબીન | ૧૨૩૬ | ૧૪૧૬ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૮૫૫ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૫૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૬૧૫ |
| ધાણા | ૨૨૪૦ | ૨૪૮૦ |
| મરચા સુકા | ૧૪૦૦ | ૩૩૦૦ |
| ધાણી | ૨૨૮૦ | ૨૫૫૧ |
| વરીયાળી | ૧૧૬૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૯૫૦ |
| રાય | ૧૨૨૫ | ૧૫૦૦ |
| મેથી | ૧૧૩૧ | ૧૯૦૭ |
| ઇસબગુલ | ૩૦૦ | ૧૪૦૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૫૪૨ |
| રાયડો | ૧૦૧૫ | ૧૩૧૧ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૬૩૦૧ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૫૫ | ૫૬૪ |
| લીંબુ | ૨૦૧૪ | ૪૧૩૫ |
| સાકરટેટી | ૧૪૧ | ૨૬૪ |
| તરબુચ | ૧૦૬ | ૨૧૩ |
| પપૈયા | ૮૪ | ૧૬૬ |
| બટેટા | ૧૧૦ | ૨૮૩ |
| ડુંગળી સુકી | ૬૧ | ૨૮૦ |
| ટમેટા | ૩૨૮ | ૫૩૨ |
| સુરણ | ૭૯૬ | ૯૮૯ |
| કોથમરી | ૭૦૪ | ૮૩૪ |
| મુળા | ૩૮૪ | ૫૯૮ |
| રીંગણા | ૧૧૧ | ૨૦૭ |
| કોબીજ | ૧૨૯ | ૨૧૬ |
| ફ્લાવર | ૨૫૬ | ૪૧૭ |
| ભીંડો | ૧૪૩ | ૨૪૮ |
| ગુવાર | ૨૮૬ | ૬૯૧ |
| ચોળાસીંગ | ૫૦૮ | ૮૧૩ |
| ટીંડોળા | ૪૧૭ | ૮૧૯ |
| દુધી | ૧૨૫ | ૨૫૩ |
| કારેલા | ૧૯૧ | ૩૬૭ |
| સરગવો | ૨૬૩ | ૫૧૭ |
| તુરીયા | ૩૮૫ | ૬૮૯ |
| પરવર | ૫૦૬ | ૭૧૧ |
| કાકડી | ૧૯૯ | ૩૫૩ |
| ગાજર | ૨૮૬ | ૫૦૪ |
| વટાણા | ૧૨૦૨ | ૧૩૯૪ |
| ગલકા | ૨૦૩ | ૩૧૪ |
| બીટ | ૧૫૩ | ૩૨૧ |
| મેથી | ૫૮૪ | ૭૯૩ |
| ડુંગળી લીલી | ૬૧૩ | ૧૦૧૯ |
| આદુ | ૧૪૧૫ | ૧૬૨૧ |
| મરચા લીલા | ૫૨૭ | ૭૨૧ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૩૨૩ |
| ગુંદા | ૩૧૧ | ૫૨૧ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૯૧૬ |
| ઘઉં લોકવન | ૪૪૨ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૮૬ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૬૮૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૩૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૩૦૧ |
| તલ કાળા | ૧૬૫૧ | ૩૩૭૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૯૯૧ |
| કલંજી | ૧૯૦૧ | ૩૪૫૧ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૪૫૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૪૦૧ | ૭૭૦૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૬૩૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૩૧ |
| અડદ | ૫૧૧ | ૧૬૬૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૪૧ |
| રાયડો | ૯૦૦ | ૧૨૫૧ |
| રાય | ૯૯૧ | ૧૪૨૧ |
| મેથી | ૮૮૧ | ૧૬૭૧ |
| સુવાદાણા | ૧૩૦૧ | ૧૬૫૧ |
| કાંગ | ૪૯૧ | ૫૫૧ |
| સુરજમુખી | ૮૨૬ | ૮૨૬ |
| મરચા | ૧૦૦૧ | ૬૬૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૨૧ | ૧૭૪૧ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૩૬૧ |
| ધાણી | ૧૬૦૧ | ૨૭૦૧ |
| ડુંગળી સફેદ | ૨૩૦ | ૨૬૨ |
| બાજરો | ૩૦૧ | ૪૯૧ |
| જુવાર | ૪૦૦ | ૮૬૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૪૧ |
| મગ | ૮૭૬ | ૧૮૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| વાલ | ૫૬૧ | ૯૧૧ |
| ચોળા / ચોળી | ૮૭૧ | ૧૫૧૧ |
| સોયાબીન | ૧૨૬૧ | ૧૫૨૧ |
| ગોગળી | ૧૧૫૦ | ૧૩૧૧ |
| વટાણા | ૪૦૧ | ૧૦૪૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૧૨૦ |
| કોબી | ૨૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૨૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦ | ૩૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| parvar | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૨૪૦ |
| ઘીસોડા | ૧૪૦ | ૮૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૧ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૨ | ૧૫ |
| ચોરા | ૪૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૬૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૫૫ | ૧૪૫૫ |
| શિંગ મોટી | ૧૦૨૦ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૫૨૦ | ૧૯૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| તલ સફેદ | ૧૨૪૦ | ૨૨૭૫ |
| તલ કાળા | ૨૪૪૦ | ૩૬૫૦ |
| તલ કાશમીરી | ૨૧૯૦ | ૨૧૯૫ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૮૦ |
| અડદ | ૯૮૦ | ૯૮૦ |
| ચણા | ૮૧૦ | ૧૦૬૦ |
| સફેદ ચણા | ૯૮૫ | ૧૦૯૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૧૫ |
| કપાસ | ૧૦૯૦ | ૧૯૮૫ |
| એરંડા | ૯૦૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૧૬૦ | ૩૮૩૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૯૫ |
| ધાણી | ૧૭૬૦ | ૨૬૦૦ |
| અજમા | ૧૪૨૫ | ૧૮૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૪૨૫ |
| કલોંજી | ૩૦૩૦ | ૩૦૩૦ |
| સુવાદાણા | ૧૧૧૦ | ૧૧૧૦ |
| વરીયાળી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૯૦૦ | ૧૨૭૦ |
| છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| સફેદ ચણા | ૯૮૫ | ૧૦૯૫ |
| ચણા દેશી | ૯૮૦ | ૯૮૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૩૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૨૦ | ૫૯૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૩૦ |
| સુરણ | ૮૫૦ | ૯૮૦ |
| ગાજર | ૫૦૦ | ૬૯૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૪૫૦ | ૫૩૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| મૂળા | ૪૨૦ | ૬૦૦ |
| કાકડી | ૪૩૦ | ૫૨૦ |
| ગુવાર | ૬૦૦ | ૮૩૦ |
| ચોળા લીલા | ૪૫૦ | ૫૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૩૭૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૪૫૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૮૦ | ૭૦૦ |
| બીટ | ૨૫૦ | ૩૭૦ |
| સરગવો | ૪૫૦ | ૫૪૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૩૪૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૮૦૦ | ૧૦૨૦ |
| પાકી કેરી | ૯૦૦ | ૧૭૦૦ |
| ગરમર | ૬૫૦ | ૮૦૦ |
| ગુંદા | ૪૨૦ | ૬૦૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૮૦ | ૧૫૧૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૮૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૪૫૧ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૭૩ |
| દેશી ચણા | ૧૦૪૦ | --- |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરડી | ૧૨૨૦ | ૧૨૬૫ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૩૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૫૦ |

| ધારી | | |
|---|---|---|
| મગફળી | ૧૧૩૦ | ૧૩૩૧ |
| ઘઉં | ૪૦૬ | ૪૫૧ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૫ |
| તુવેર | ૯૭૫ | ૧૩૦૫ |
| ધાણા | ૨૦૭૫ | ૨૦૭૫ |
| રાયડો | ૧૦૭૫ | ૧૦૭૫ |
| એરંડા | ૧૦૦૧ | ૧૦૩૦ |
| શીંગ ફાડા | ૧૭૫૫ | ૧૭૫૫ |
| મગ | ૧૬૫૦ | ૧૬૭૫ |
| તલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| કલોંજી | ૨૩૦૦ | ૨૩૦૦ |
| રાયડો | ૧૦૭૫ | ૧૦૭૫ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૫૬ |
| ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૮૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૧ |
| ધાણા | ૧૫૩૦ | ૨૧૫૧ |
| મેથી | ૧૧૬૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૨૫ |
| મગફળી | ૧૧૬૦ | ૧૨૦૧ |
| જુવાર | ૫૦૦ | ૫૪૦ |
| તલકાળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| શીંગફાડા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૩૪૦ | ૧૩૭૫ |
| મગફળી | ૧૧૬૦ | ૧૨૦૧ |
| જીરૂ | ૩૧૯૦ | ૩૧૯૦ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૬૫૦ | ૨૦૧૬ |
| કપાસ મીડીયમ | ૧૫૮૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૦૫૦ | ૩૮૪૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| તુવેર | ૧૨૩૦ | ૧૪૧૦ |
| મગ | ૧૪૨૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૦૧૫ | ૧૧૯૫ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૩૦ |
| તલ કાળા | ૩૦૨૦ | ૩૪૬૦ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૯૧૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૩૬ |
| તુવેર | ૭૫૧ | ૧૩૯૧ |
| મગફળી | ૧૧૪૧ | ૧૩૨૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૫૧ |
| મેથી | ૬૦૧ | ૧૩૦૧ |
| અળસી | ૪૮૧ | ૪૮૧ |
| તલ કાળા | ૧૨૦૧ | ૩૨૧૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૨૮૧ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૭૬૧ |
| મગફળી | ૧૧૪૧ | ૧૩૨૬ |
| તુવેર | ૭૫૧ | ૧૩૯૧ |
| મગ | ૧૧૦૧ | ૧૬૩૬ |
| જુવાર | ૮૯૧ | ૮૯૧ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૮૫ | ૧૬૧૧ |
| શીંગ ૩૯ | ૧૨૦૦ | ૧૨૯૯ |
| શીંગ ગીરનારી | ૧૨૮૭ | ૧૩૧૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૨૨ | ૧૩૫૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૨૬ |
| જુવાર | ૩૩૩ | ૧૦૦૪ |
| બાજરી | ૩૪૬ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૩૯૬ | ૫૧૦ |
| મકાઈ | ૩૩૪ | ૪૭૭ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૩૧ |
| મગ | ૭૯૦ | ૧૭૨૫ |
| મેથી | ૧૧૯૦ | ૧૩૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૨૦૦ |
| તલ કાળા | ૮૦૦ | ૩૪૫૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ડુંગળી લાલ | ૮૫ | ૩૦૫ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૩૫૯ |
| કપાસ શંકર | ૯૭૫ | ૧૭૬૭ |
| નાળીયેર | ૧૦૦ | ૨૪૨૫ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૪૭૮ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૬૭ |
| મગ | ૧૪૮૦ | ૧૯૦૬ |
| હેરંડા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| ચણા | ૯૩૦ | ૧૦૪૪ |
| તલ | ૧૫૦૦ | ૧૦૭૫ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૪૬૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૪૮ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૫૦૦ | ૧૭૨૫ |
| મગફળી | ૧૨૦૧ | ૧૨૬૬ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૩૬ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૨૨૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૮૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૩૦૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૨૨૫ |
| બાજરો | ૪૨૨ | ૪૩૧ |
| ઘઉં | ૩૦૦ | ૪૪૧ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૧૧૦ | ૧૩૮૬ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૧૪૧ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૪૨ |
| બાજરો | ૩૨૧ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૦૨ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૪૭૧ | ૨૦૫૦ |
| અડદ | ૧૫૦૨ | ૧૫૦૨ |
| તુવેર | ૯૦૧ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| બાજરો | ૪૦૦ | ૪૧૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૬૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૦૦૫ | ૧૪૦૦ |
| મેથી | ૧૨૬૦ | ૧૫૫૫ |
| ચણા સફેદ | ૯૦૦ | ૧૪૯૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૬૬ |
| તલ | ૧૨૦૦ | ૨૫૫૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૦૪ |
| રાઈ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૩૫ |
| અજમો | ૧૩૦૦ | ૩૦૬૫ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૩૬૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૩૭૫ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૨૫૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૪૨૫ |
| વટાણા | ૩૦૫ | ૮૧૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૪૭૫ |
| રાજમા | ૫૦૦ | ૫૭૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં ૨૫ વર્ષબાદ ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિના સમૂહ લગ્ન યોજાયા

અમરેલી,તા.૧૩

અમરેલીના આંગણે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ સેવા સંઘ દ્વારા પચ્ચીસ વર્ષ બાદ પ્રથમ સમૂહ લગ્નનું અત્યંત સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ માંગલિક પ્રસંગે બે નવયુગલોએ જોડાઈને નવજીવનની શરૂઆત કરી હતી અને ઉપસ્થિત પૂજનીય સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ સમગ્ર આયોજન સેવા સંઘ મંડળના પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા તેમજ સમાજ સંચાલિત વિવિધ મંડળોના સહયોગથી સમાજના નેજા હેઠળ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે બગસરા આપાગીગાની જગ્યાના મહંત હરીરામ બાપુ, નેસડી ખોડિયાર મંદિરના લવજીબાપુ, સાવરકુંડલાના હસુબાપુ, વછરાજ મંદિરના સીતારામ બાપુ, ઉદયગીરી બાપુ, આંબા આપાગીગા જગ્યાના ઘનશ્યામદાસ બાપુ, અમરેલી આપાગીગા જગ્યાના દયારામ બાપુ અને નાગદેવતા





મંદિરના હાર્દિકગીરી બાપુ સહિતના સંતોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા.આ શુભ પ્રસંગે સમાજના વિવિધ ગામોથી પધારેલા શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રમુખ સ્થાને સમાજ પ્રમુખ ભરતભાઈ ટાંક, ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ અને તમામ ટ્રસ્ટીગણ બિરાજમાન હતા. આ મહોત્સવના મુખ્ય દાતા અને યજમાન તરીકે અમદાવાદ બાપુનગરના પ્રમુખ અને દાનવીર નિલેશભાઈ બાબુભાઈ ચૌહાણ તેમજ સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ વિનુભાઈ ચૌહાણનો વિશેષ સહયોગ રહ્યો હતો. આ ઉપરાંત રમેશભાઈ, સંજયભાઈ મકવાણા, જીતેન્દ્રભાઈ ગેડિયા, દીપકભાઈ કાચા, વિજયભાઈ મારુ અને રાજકોટથી રવજીભાઈ મકવાણા સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. મ્યુનિસિપલ કોર્પોરેટર કૌશિકભાઈ ટાંક, દિવ્યેશભાઈ ચોટલીયા અને વિવિધ ગામોના સમાજ પ્રમુખોએ પણ આ પ્રસંગને દીપાવ્યો હતો. સેવા સંઘના પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને તેમની ટીમની જહેમતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો, જેમાં કેળવણી મંડળ, શ્યામ યુવક મંડળ, કર્મચારી મંડળ અને શ્યામ મહિલા મંડળનો મોટો સહકાર સાંપડ્યો હતો. કાર્યક્રમ દરમિયાન આગામી વર્ષે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ દ્વિતીય સમૂહ લગ્ન યોજવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. મુખ્ય દાતા નિલેશભાઈ ચૌહાણે આગામી વર્ષે લગ્ન કરનાર તમામ દીકરીઓને સંપૂર્ણ સહયોગ આપવાની ઉમદા જાહેરાત કરી હતી. અમરેલી સમાજના મોભી સ્વર્ગીય બી.કે. ટાંકનું સમૂહ લગ્નનું સ્વપ્ન સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે આ ભગીરથ કાર્ય સંપન્ન થયું હતું. સ્ટેજ સંચાલન જગદીશભાઈ સોલંકી અને રાજુભાઈ ટાંક દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# જીરા ગામના સરપંચ દક્ષા બેન ચોડવડિયાએ આપ્યું રાજીનામું

અમરેલી,તા.૧૩

જીરા ગામના સરપંચ તરીકે ફરજ બજાવતા દક્ષા બેન ચોડવડિયાએ આજે તાલુકા વિકાસ અધિકારી (TDO)ને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. તાજેતરમાં તેઓ નેસડી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપ તરફથી વિજયી બન્યા હોવાથી નિયમ મુજબ એક હોદ્દો છોડવો જરૂરી બન્યો હતો. જેના અનુસંધાને તેમણે સરપંચ પદેથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો. દક્ષા બેનના કાર્યકાળ દરમિયાન ગામના વિકાસ માટે અનેક કામગીરી હાથ ધરાઈ હતી, જેને લઈ ગ્રામજનોમાં સંતોષની લાગણી જોવા મળી હતી. હવે તેઓ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે વિસ્તારના વિકાસ માટે વધુ સક્રિય ભૂમિકા નિભાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.



# ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરે ત્રણ દિવસીય સંત પારાયણનું આયોજન

ધોરાજી,તા.૧૩

ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે આગામી ૧૫ થી ૧૭ મે, ૨૦૨૬ દરમિયાન 'મારો રામ પરિવાર' વિષયક ત્રણ દિવસીય સંત પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ પારાયણમાં વડોદરા મંદિરના વિદ્વાન વક્તા અને મોટીવેશન સ્પીકર શીલનિધિ સ્વામી કથામૃતનો લાભ આપશે. પ્રમુખસ્વામી મહારાજ પાસેથી દીક્ષા મેળવનાર સ્વામીજી છેલ્લા ૩૪ વર્ષથી સાધુતા શોભાવી રહ્યા છે.કથાના સમયની વિગત મુજબ, ૧૫ અને ૧૬ મેના રોજ રાત્રે ૮:૪૫ વાગ્યે તેમજ ૧૭ મેના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે કાર્યક્રમ યોજાશે. કલ્યાણમૂર્તિ સ્વામી અને અક્ષરમંગલ સ્વામીના માર્ગદર્શન હેઠળ ધોરાજી સત્સંગ મંડળ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યું છે. ધોરાજી સહિત આસપાસના ગામોના હરિભક્તો અને ધર્મપ્રેમી જનતાને આ ભક્તિમય અવસરનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાત કોંગ્રેસની હાલત કુંભના મેળામાં ખોવાયેલા બાળક જેવી: ઈકબાલ ગોરી

અમરેલી,તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના મહામંત્રી ઈકબાલ ગોરીએ પક્ષના ઉચ્ચ નેતૃત્વ અને બહુમતી આગેવાનો સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે તાજેતરની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કોંગ્રેસને મળેલી સફળતા માત્ર મુસ્લિમ વિસ્તારોને આભારી છે. જે આગેવાનો પોતાના વોર્ડ કે તાલુકા પંચાયત જીતાડવાની ક્ષમતા ધરાવતા નથી, તેઓ પ્રદેશ કક્ષાએ હોશિયારી બતાવી રહ્યા છે. ગોરીએ આક્ષેપ કર્યો કે કોંગ્રેસના ૬૦થી વધુ ધારાસભ્યો પક્ષ છોડી ભાજપમાં જોડાયા, પરંતુ એકપણ મુસ્લિમ ધારાસભ્યએ પક્ષ સાથે ગદારી કરી નથી. આટલી વફાદારી છતાં, સભામાં મુસ્લિમોને ન આવવા કહેવું તે અત્યંત અપમાનજનક છે. તેમણે ચેતવણી આપી કે જો કોંગ્રેસ સોના અને કથીરની પરખ કરવામાં ભૂલ કરશે અને મુસ્લિમ મતદારો પક્ષથી વિમુખ થશે, તો કોંગ્રેસની હાલત કુંભના મેળામાં ખોવાયેલા બાળક જેવી દયનીય થઈ જશે. પક્ષના 'આકાઓએ' હવે દૂધ અને છાશનો ભેદ પારખવો જ રહ્યો.



## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૮/૨૦૨૬

અરજદાર : શ્રી ભીલ લાલાભાઈ ભીખાભાઈ
સરનામુ : મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જિ.અમરેલી હાલ દાતરડી તા.રાજુલા

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વારાહસ્વરૂપ
મું.વારાહસ્વરૂપ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ** ગામના **શ્રી ભીલ લાલાભાઈ ભીખાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી ભીલ જિજ્ઞેશભાઈ લાલાભાઈ નો જન્મ** તા.૨૯/૦૪/૨૦૦૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.


આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ખાવડા-દધ્ધર રોડ પર મોટી દુર્ઘટના: કોન્ટ્રાકટરની બેદરકારીએ ૩ ના જીવ લીધા

ભુજ,તા.૧૩

ભુજ પાસેના ખાવડા-દધ્ધર રોડ પર પુલિયાના કામ દરમિયાન સુરક્ષાના સાધનોના અભાવે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કોન્ટ્રાક્ટરે ચેતવણી બોર્ડ કે બેરિકેડ ન મૂકતા એક કાર અને બે બાઈક ઊંડા ખાડામાં ખાબક્યા હતા. આ દુર્ઘટનામાં નૂરબાઈ સમા, રેહાના સમા અને રાશીદ કાલરનું મોત નીપજ્યું છે. સુરક્ષા માટે માત્ર થોરના ઝાંખરા મુકાતા સ્થાનિકોમાં ભારે રોષ છે. હાલ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે.



# આઈકોનિક રોડ સાથે સરદાર પટેલની પ્રતિમા બનશે સાવરકુંડલાની નવી ઓળખ

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા શહેરના વોર્ડ નં. ૬ વિસ્તારમાં આઈકોનિક રોડ પ્રોજેક્ટ હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અને આકર્ષક સર્કલનું નિર્માણ કરવામાં આવશે. પૂર્વ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીએ સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ શહેરને નવી ઓળખ આપશે. તેમણે જણાવ્યું કે ભાજપ સરકાર વિકાસકાર્યોમાં પારદર્શકતા, ગુણવત્તા અને લાંબા ગાળાના આયોજનમાં વિશ્વાસ રાખે છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ રિવરફ્રન્ટ, ફિલ્ટર પ્લાન્ટ, સ્પોર્ટ્સ સંકુલ અને આઈકોનિક રોડ જેવા વિકાસકાર્યો થઈ રહ્યા છે. ટેન્ડર પ્રક્રિયા અને ટેકનિકલ મંજૂરીઓ સરકારના નિયમો મુજબ ચાલી રહી હોવાથી કામ શરૂ થવામાં થોડો સમય લાગી રહ્યો છે. છતાં શહેરના નાગરિકોને વિશ્વાસ અપાયો છે કે પ્રોજેક્ટ ઝડપથી અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવામાં આવશે.





## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧૧/૨૦૨૬

અરજદાર : શ્રી કાજી રહીમભાઈ હસનભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી કાજી રહીમભાઈ હસનભાઈ** એ તેમના **પિતા નામે સ્વ. શ્રી હસનભાઈ કાજરીમભાઈ કાજી નું મરણ** તા.૦૭/૦૮/૨૦૦૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧૩/૨૦૨૬

અરજદાર : શ્રી સોલંકી ભવાનભાઈ માંડણભાઈ
સરનામુ : મું.હેમાળ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - હેમાળ
મું.હેમાળ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના **શ્રી સોલંકી ભવાનભાઈ માંડણભાઈ** એ તેમના **કાકા નામે સ્વ.શ્રી ગોવિંદભાઈ લાખાભાઈ સોલંકી નું મરણ** તા.૦૫/૦૨/૧૯૮૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૯/૨૦૨૬

અરજદાર : શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ
સરનામુ : મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વડલી
મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ** એ તેમના **દાદી નામે સ્વ. શ્રી મકવાણા પાંચીબેન કાનાભાઈ નું મરણ** તા.૧૪/૦૮/૧૯૮૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૧૨/૨૦૨૬

અરજદાર : શ્રી કાજી રહીમભાઈ હસનભાઈ
સરનામુ : મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી કાજી રહીમભાઈ હસનભાઈ** એ તેમના **માતા નામે સ્વ. શ્રી મરીયમબેન હસનભાઈ કાજી નું મરણ** તા.૧૯/૧૨/૧૯૮૮ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૭/૨૦૨૬

અરજદાર : શ્રી છનીબેન દિનેશભાઈ શિયાળ
સરનામુ : મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી છનીબેન દિનેશભાઈ શિયાળ** એ તેમના **પુત્ર નામે શ્રી જગદિશભાઈ દિનેશભાઈ શિયાળ નો જન્મ** તા.૨૩/૦૮/૨૦૧૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**
(કોર્ટનો સિક્કો)
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૩૫/૨૦૨૬

શ્રી ઉકાભાઈ નારણભાઈ ભુવા,
રહે.બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઉકાભાઈ નારણભાઈ ભુવાનો જન્મ તા.૦૧/૦૪/૧૯૫૯ના રોજ ગામ મોજે: બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૭ મી માહે : એપ્રીલ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૨૫/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી પનુભાઈ જગુભાઈ વાળા,
રે. ખડખડ, તા.વડીયા, જી.અમરેલી
**એડવોકેટશ્રી- ભીખુભાઈ વોરા, મો.૯૯૭૮૫ ૮૩૬૩૨**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ખડખડ, તા.વડીયા જિ.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પનુભાઈ જગુભાઈ વાળાએ તેમના પિતાશ્રી જગુભાઈ જીવાભાઈ વાળાનું અવસાન તા.૨૫/૦૨/૧૯૭૫ ના રોજ મુ.ખડખડ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

**-: જાહેર નોટીસ :-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૨૪/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી દિલુભાઈ જગુભાઈ વાળા,
રે. ખડખડ, તા.વડીયા, જી.અમરેલી
**એડવોકેટશ્રી- ભીખુભાઈ વોરા, મો.૯૯૭૮૫ ૮૩૬૩૨**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ખડખડ, તા.વડીયા જિ.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે**
**મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી દિલુભાઈ જગુભાઈ વાળાએ તેમના માતાશ્રી ધનબાઈબેન જગુભાઈ વાળાનું અવસાન તા.૧૧/૦૯/૨૦૦૫ ના રોજ મુ.ખડખડ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(કોર્ટનો સિક્કો)
**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

# ગુજરાતના નવા લોકાયુક્ત તરીકે નિવૃત્ત ન્યાયમૂર્તિ બીરેન એ. વૈષ્ણવની નિમણૂક

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગાંધીનગરમાં લેવડાવવામાં આવ્યા શપથ**



ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના લોકાયુક્ત તરીકે નિવૃત્ત ન્યાયમૂર્તિ બીરેન એ. વૈષ્ણવની વરણી કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૧૩ મે ૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરાયેલા જાહેરનામા અનુસાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગુજરાત લોકાયુક્ત અધિનિયમ ૧૯૮૬ની કલમ ૩(૧) અન્વયે આ મહત્વપૂર્ણ નિમણૂકને મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે યોજાયેલા ભવ્ય શપથવિધિ સમારોહમાં ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવે વિધિવત રીતે કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નવનિયુક્ત લોકાયુક્ત આગામી પાંચ વર્ષ સુધી ભ્રષ્ટાચાર નિવારણ અને વહીવટી પારદર્શિતા સુનિશ્ચિત કરવાની મહત્વની જવાબદારી નિભાવશે.

# મોરબીના નવા સાદુળકા નજીક ખેત તલાવડીમાં ડૂબી જતા ત્રણના મોત

**મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા**



મોરબી,તા.૧૩

મોરબીના નવા સાદુળકા ગામ નજીક આવેલી એક ખેત તલાવડીમાં ન્હાવા પડેલા ત્રણ વ્યક્તિઓના ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચાર વ્યક્તિઓ આ વિસ્તારમાં ઘેટા-બકરા ચરાવવા માટે આવ્યા હતા અને સવારના આશરે ૧૧ વાગ્યાના સુમારે ગરમીથી રાહત મેળવવા તલાવડીમાં ન્હાવા માટે ઉતર્યા હતા. આ દરમિયાન પાણીના ઊંડાણને કારણે બાળક સહિત ત્રણ વ્યક્તિઓ ડૂબી ગયા હતા. આ અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં અને મૃતકોના પરિવારમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.ઘટનાની જાણ થતા જ મોરબી મહાનગરપાલિકાના ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ ત્રણેય મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

આ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મોરબી તાલુકા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# નીટ મુદ્દે જમ્મુમાં કોંગ્રેસનો ઉગ્ર વિરોધ, કેન્દ્ર સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર

જમ્મુ, તા. ૧૩

નીટ યુજી પરીક્ષા રદ કરવા અને પેપર લીક કૌભાંડના મુદ્દે જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પાર્ટીએ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ નિષ્પક્ષ તપાસ કરવાની માંગ સાથે દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ રમણ ભલ્લાના નેતૃત્વમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નેતાઓ પાર્ટી મુખ્યાલય બહાર એકત્ર થયા હતા. વિરોધ દરમિયાન કાર્યકરોએ કેન્દ્ર સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા તેમજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું પુતળું દહન કર્યું હતું. રમણ ભલ્લાએ જણાવ્યું હતું કે નીટ પરીક્ષામાં થયેલી અનિયમિતતાઓ અને પેપર લીકની ઘટનાઓને કારણે વિદ્યાર્થીઓનો પરીક્ષા પ્રણાલી પરનો વિશ્વાસ હચમચી ગયો છે. તેમણે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ થવાથી સત્ય બહાર આવશે અને વિદ્યાર્થીઓમાં વિશ્વાસ પુનઃસ્થાપિત થશે.

# અમુલે દુધના ભાવમાં પ્રતિ લિટર રૂા. બેનો વધારો કર્યો, આજથી જ નવો ભાવ અમલમાં

**ડિઝલની અછત વચ્ચે દુધ મોંઘુ થતા મધ્યમવર્ગના બજેટને સીધી અસર થશે**




અમદાવાદ,તા.૧૩

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નવા ભાવ ૧૪ મે ૨૦૨૬થી સમગ્ર દેશમાં અમલી બનશે. નોંધનીય છે કે અગાઉ મે ૨૦૨૫માં પણ ભાવવધારો કરવામાં આવ્યો હતો. આ ફેરફાર બાદ હવે દૂધના વિવિધ પેકેટ્સ પર અઢીથી સાડા ત્રણ ટકા જેટલો વધારો જોવા મળશે. જોકે તંત્રના જણાવ્યા અનુસાર આ વધારો પ્રવર્તમાન ખાદ્ય ફુગાવા કરતા ઓછો છે. દૂધના ભાવમાં આ વધારો મુખ્યત્વે પશુ આહાર, પેકેજિંગ મટીરિયલ અને ટ્રાન્સપોર્ટેશન માટે વપરાતા બળતણના ખર્ચમાં થયેલા તોતિંગ વધારાને કારણે લેવામાં આવ્યો છે. સંસ્થાના જણાવ્યા મુજબ ગ્રાહકો પાસેથી મળતા પ્રત્યેક રૂપિયામાંથી ૮૦ પૈસા સીધા પશુપાલકોને આપવામાં આવે છે, જેથી ઉત્પાદન ખર્ચને પહોંચી વળવા આ નિર્ણય અનિવાર્ય હતો. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ વચ્ચે દૂધ મોંઘું થતા મધ્યમ વર્ગના બજેટ પર સીધી અસર પડશે.

# કેન્દ્રીય કેબિનેટમાં ૧૪ ખરીફ પાકોના લઘુતમ ટેકાના ભાવમાં વધારાને મંજૂરી

નવીદિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ૨૦૨૬-૨૭ની સીઝન માટે ૧૪ ખરીફ પાકોના લઘુત્તમ ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો મંજૂર કરાયો છે જેમાં સૂર્યમુખી અને કપાસ પર વધુ ભાર મુકાયો છે.

આ ઉપરાંત ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવા ૩૭,૫૦૦ કરોડના ખર્ચે કોલસા ગેસિફિકેશન પ્રોજેક્ટને પણ લીલી ઝંડી અપાઈ છે જે ગેસ અને વીજળી ઉત્પાદનમાં મદદરૂપ થશે. રેલ્વે ક્ષેત્રે અમદાવાદથી ધોલેરા વચ્ચે ૨૦,૬૬૭ કરોડના ખર્ચે દેશનો પ્રથમ સ્વદેશી સેમી-હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ આકાર લેશે જે કનેક્ટિવિટી વધારશે. સાથે જ નાગપુર એરપોર્ટના આધુનિકીકરણ માટે જાહેર ખાનગી ભાગીદારીના મોડેલને પણ કેબિનેટે મંજૂરી આપી દીધી છે.

# હાઈકોર્ટના આદેશને પગલે આરોપીનો વરઘોડા નહી કાઢવા ગુજરાત ડીજીપીએ કર્યો આદેશ

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં આરોપીઓના જાહેરમાં વરઘોડા કાઢવાના પોલીસના વલણ સામે ઈન્ચાર્જ DGP કે.એલ.એન. રાવે ચેતવણી ઉચ્ચારી છે. DGPએ સ્પષ્ટ શબ્દોમાં આદેશ કર્યો છે કે, 'આરોપીના વરઘોડા કાઢવાનું બંધ કરો....' ગુજરાત પોલીસ દ્વારા આરોપીઓએ ગુનાહિત સ્થળે અથવા જાહેર સ્થળે લઈ જઈને વરઘોડા કાઢવાની પધ્ધતિ સામે DGPએ કડક વલણ અપનાવ્યું છે. આ મામલે DGPએ લેખિતમાં આદેશ જાહેર કર્યો છે. જેમાં જણાવ્યું છે કે, આરોપીનું જાહેરમાં સરઘસ કાઢી નહીં શકાય અને તેમની સાથે અમાનવીય વ્યવહાર કરવું નહીં. આમ, આરોપીને જાહેરમાં લાત કે લાકડી મારવી નહીં. તેમજ તેમની પાસે જાહેરમાં માફી મંગાવી નહીં. સરઘસ અને વરઘોડાના નામે આરોપી સાથે કરાતા વર્તનને લઈને કડકાઈ દાખવતા DGPએ જણાવ્યું કે, આરોપીઓ સાથે ગેરવર્તણૂક કરવી નહીં. આરોપીઓ સાથે આ પ્રકારનું વર્તન થશે તો ઉચ્ચ કક્ષાએ જવાબ આપવો પડશે. આમ, ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે નિર્ણય લેવામાં આવ્યો છે.



# પીઢ નેતા એન. રંગાસ્વામીએ પાંચમી વખત પુડુચેરીના મુખ્યમંત્રી બન્યા

પુડુચેરી, તા. ૧૩

એન. રંગાસ્વામીએ આજે ૧૩ મેના રોજ પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે પાંચમી વખત શપથ લીધા હતા. રાજભવન ખાતે યોજાયેલા સમારોહમાં ઉપરાજ્યપાલ કે. કૈલાસનાથનએ તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસે ૧૬ બેઠકો પર ચૂંટણી લડી હતી, જેમાંથી ૧૨ બેઠકો પર જીત મેળવી હતી. તેના સહયોગી ભારતીય જનતા પાર્ટીએ ૧૦માંથી ૪ બેઠકો જીતી હતી. આ સાથે એનડીએ ગઠબંધનને ૩૦ સભ્યોની વિધાનસભામાં કુલ ૧૮ બેઠકો મળી હતી અને ફરી ગઠબંધન સરકાર રચાઈ છે. રંગાસ્વામીએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કોંગ્રેસમાંથી કરી હતી અને ૨૦૧૧માં અલગ થઈ ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસની સ્થાપના કરી હતી. ત્યારથી તેઓ સતત પ્રભાવશાળી નેતા તરીકે ઉભરી આવ્યા છે. ૨૦૨૧ની ચૂંટણીમાં પણ તેમના નેતૃત્વ હેઠળ એનડીએએ સ્પષ્ટ બહુમતી મેળવી કોંગ્રેસ-ડીએમકે ગઠબંધનને સત્તાથી દૂર કર્યું હતું.



# રાજયના મુખ્યમંત્રી પટેલ સહિત તમામ મંત્રીઓએ પાઈલોટીંગ વાહનોની સંખ્યા ઘટાડી

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને તેમના સમગ્ર મંત્રીમંડળે એક અત્યંત પ્રેરણાદાયી નિર્ણય લીધો છે જેમાં હવે તેઓ પોતાની કાર પાઈલોટીંગની સુવિધા છોડશે. આ નિર્ણય માત્ર મુખ્યમંત્રી પૂરતો મર્યાદિત નથી પરંતુ રાજ્યના કેબિનેટ અને રાજ્યકક્ષાના તમામ મંત્રીઓએ પણ હવે કાર પાઈલોટીંગનો ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો છે. ઉલ્લેખનીય છે કે દેશમાં ઈંધણની બચત કરવા અને બિનજરૂરી ખર્ચ ઘટાડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું જેનું અનુસરણ હવે ગુજરાત સરકાર કરી રહી છે. આ ઐતિહાસિક નિર્ણયને કારણે હવે જ્યારે પણ મુખ્યમંત્રી કે મંત્રીઓ રસ્તા પર નીકળશે ત્યારે તેમના કાફલામાં ગાડીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળશે.



# વિપક્ષોના વિરોધ બાદ વિજય સરકારે જ્યોતિષીની ઓએસડી નિમણૂક રદ કરી

ચેન્નાઈ, તા. ૧૩

તમિલનાડુની ટીવીકે સરકારે જ્યોતિષી રિકી રાધન પંડિતની મુખ્યમંત્રી સી. જોસેફ વિજયના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (ઓએસડી) તરીકે થયેલી નિમણૂક એક દિવસમાં જ રદ કરી દીધી છે. વ્યાપક વિરોધ અને રાજકીય ટીકા બાદ સરકારના મુખ્ય સચિવે આ નિર્ણયનો આદેશ જાહેર કર્યો હતો. વિપક્ષી પક્ષોએ આ નિમણૂકની આકરી ટીકા કરી હતી. આઈએસ ઈન્બાદુરાઈએ કટાક્ષ કરતા કહ્યું કે જ્યોતિષી પોતાનું જ ભવિષ્ય જાણી શક્યા નહીં. જ્યારે ટીકેએસ એલંગોવનએ સરકાર ચલાવવા માટે જ્યોતિષ નહીં પરંતુ નિયમો સમજતા સલાહકારોની જરૂર હોવાનું જણાવ્યું હતું. વિવાદ વચ્ચે ટીવીકે સરકારે વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ જીતી ૧૪૪ ધારાસભ્યોનું સમર્થન મેળવ્યું હતું.

# અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ ૮ વર્ષ બાદ ચીનના પ્રવાસે પહોંચ્યા

બેઈજિંગ,તા.૧૩

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ૮ વર્ષ પછી ચીનના પ્રવાસે પહોંચ્યા. તેમનું વિમાન બેઈજિંગ કેપિટલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયું, જ્યાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ અને ચીની રાજદ્વારી શી ફેંગે તેમનું સ્વાગત કર્યું હતું. ટ્રમ્પ સાથે તેમના પુત્ર એરિક ટ્રમ્પ અને પુત્રવધૂ લારા ટ્રમ્પ પણ હાજર હતા. આ દરમિયાન બાળકોએ મેન્ડરિન ભાષામાં 'વેલકમ'ના નારા લગાવ્યા. આ પ્રવાસમાં ૯ લાખ કરોડ રૂપિયાથી વધુની બોઈંગ વિમાન ડીલ થઈ શકે છે. ચીન ૫૦૦ બોઈંગ ૭૩૭ MAX, ૧૦૦ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈન અને ઘણા ૭૭૭X વાઈડબોડી વિમાનો ખરીદી શકે છે. જો કરાર થશે તો તે ઈતિહાસનો સૌથી મોટો વિમાન સોદો હશે.



# ગાંધીનગરમાં એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનો પ્રારંભ, ૨૯ દેશના ૪૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર,તા.૧૩




ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રમતગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામ ગામીતના અધ્યક્ષસ્થાને એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારત સહિત એશિયાના ૨૯ દેશોના ૪૦૦થી વધુ ખેલાડીઓ, કોચ અને ટેકનિશિયનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ગુજરાત હવે માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં, પરંતુ ખેલ જગતમાં પણ વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યું છે. વડાપ્રધાનના 'ખેલો ઈન્ડિયા' વિઝન હેઠળ રાજ્યમાં તૈયાર થયેલું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધારવામાં પૂરક સાબિત થશે. આગામી સમયમાં ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ની ઓલિમ્પિક યજમાની માટે ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. ઈન્ટરનેશનલ વેઈટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ મોહમદ હસન જલુદે પણ વૈશ્વિક અશાંતિ વચ્ચે ભારતના આ સફળ આયોજનની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ફરી હુમલો થશે તો ૯૦ ટકા યુરેનિયમ સંવર્ધનનો વિકલ્પ અપનાવીશું : ઈરાનની અમેરિકાને ચેતવણી

તેહરાન, તા. ૧૩



ઈરાન અને અમેરિકા વચ્ચે યુધ્ધ વિરામ ચાલુ હોવા છતાં બંને દેશો વચ્ચે તણાવ યથાવત્ છે. અમેરિકા તરફથી મળતી સતત ધમકીઓ વચ્ચે ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા અથવા ઈઝરાયલ ફરી હુમલો કરશે તો તે યુરેનિયમને ૯૦ ટકા શુધ્ધતા સુધી સંવર્ધિત કરવાનો માર્ગ અપનાવી શકે છે. ઈબ્રાહિમ રેઝાઈએ જણાવ્યું કે બીજીવાર હુમલો થવાની સ્થિતિમાં ઈરાન ૯૦ ટકા યુરેનિયમ સંવર્ધન અંગે વિચારણા કરી શકે છે. યુએન મોનિટરિંગ એજન્સીના જણાવ્યા મુજબ ઈરાન પાસે હાલમાં ૬૦ ટકા સુધી સંવર્ધિત ૪૪૦.૯ કિલોગ્રામ યુરેનિયમનો જથ્થો છે, જે પરમાણુ હથિયાર માટે જરૂરી ૯૦ ટકા સ્તરથી માત્ર એક પગલું દૂર માનવામાં આવે છે.

બીજી તરફ, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ ઈરાનને પરમાણુ હથિયાર વિકસાવવા નહીં દેવાની ચેતવણી આપી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ઈરાનની તમામ પરમાણુ પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને કોઈપણ ખતરાને કડક જવાબ આપવામાં આવશે.

**રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત આ ૧૦૦ બેડની નિઃશુલ્ક હોસ્પિટલ થકી આરોગ્ય સેવા ઉપલબ્ધ થશે**

# રાજુલામાં સીએમ ભુપેન્દ્ર પટેલના હસ્તે આરોગ્ય મંદિરનું લોકાર્પણ

રાજુલા,તા.૧૩

રાજુલા પંથકના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજુલા મુકામે "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત આ ૧૦૦ બેડની નિઃશુલ્ક હોસ્પિટલ થકી રાજુલા સહિત આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે. આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં બુધવારના રોજ હોસ્પિટલનો શુભારંભ થયો હતો.આધુનિક સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલોજી, ડાયાલિસિસ, ગાયનેકોલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટી સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ હોસ્પિટલ શરૂ થતાં રાજુલા પંથકના દર્દીઓને સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થશે અને સ્થાનિક સ્તરે જ સમયસર અને ઉત્તમ સારવાર મળી શકશે.આ પ્રસંગે મુખ્યમંત્રીએ હૉસ્પિટલના આઈ.સી.યુ, ટ્રોમા સેન્ટર, ઓપરેશન થિયેટર, ડાયાલિસિસ






સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કરી અને સેવાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. મુખ્યમંત્રીએ આ સેવાઓ રાજુલા પંથકમાં શરૂ કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક સભ્ય રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરને અભિનંદન આપતા સર્વે ટ્રસ્ટીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સુપ્રસિધ્ધ કથાકાર મોરારીબાપુની પ્રેરણાથી મૂળ રાજુલાના ઉદ્યોગપતિ, સ્વ.અનિલકુમાર નંદલાલ મહેતા પરિવાર દ્વારા રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવી હતી.

આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૯માં "મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર"ની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ઓ.પી.ડી. અને ડાયાલીસીસ જેવા વિભાગોમાં પ્રતિદિન દરરોજ ૧૦૦ દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવતી હતી, જેના થકી આ યોજનાનો પાયો નંખાયો હતો.વર્ષ ૨૦૧૯માં ૦૩, ઓક્ટોબરના રોજ આ હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ હૉસ્પિટલની સંપૂર્ણ સેવાઓ આગામી ટૂંક સમયમાં શરૂ થશે, જ્યારે ઓ.પી.ડી સહિતની કેટલીક સેવાઓ ગુરૂવારથી શરૂ થશે. હૉસ્પિટલમાં લેબોરેટરી, મેડિકલ સ્ટોર અને ભોજનાલય જેવી સેવાઓ પણ આપવામાં આવશે.દાતાઓના સહયોગથી નિર્મિત આ હૉસ્પિટલ માનવસેવાના ઉત્તમ સંકલ્પનું પ્રતિક બની રહેશે. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલ આ સેવા કાર્યથી આ વિસ્તારના હજારો પરિવારોને સીધો લાભ મળશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીનું સંસ્થાના ટ્રસ્ટીઓ અંબરીશભાઈ ડેર,અજયભાઈ મહેતા, માયાભાઈ આહીર અને દાતાઓ સહિત

**મુખ્યમંત્રીએ આ સેવાઓ રાજુલા પંથકમાં શરૂ કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવ્યા**

રાજુલાના રહેવાસીઓએ હોસ્પિટલના પ્રાંગણમાં અભિવાદન કર્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજુલા જાફરાબાદ મતવિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા લીલીયા મતવિસ્તાર ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, એ.એસ.પી. જયવીર ગઢવી, સ્થાનિક અગ્રણીઓ, તબીબો તેમજ હોસ્પિટલના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજુલા સહિતના ગામો માટે આ હોસ્પિટલ આર્શીવાદરૂપ સાબિત થશે

આ હોસ્પિટલ કાર્યરત થવાથી રાજુલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને ગંભીર બીમારીઓની સારવાર માટે હવે અન્ય શહેરોમાં જવાની હાલાકી ભોગવવી નહીં પડે. સ્થાનિક સ્તરે જ સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર નિઃશુલ્ક મળવાથી હજારો મધ્યમ અને ગરીબ પરિવારોને આર્થિક તેમજ માનસિક મોટો લાભ થશે, જે માનવસેવાના ઉત્તમ સંકલ્પનું જીવંત ઉદાહરણ પૂરું પાડશે.

### હોસ્પિટલમાં આરોગ્યની તમામ સેવાઓ મળી રહેશે

આધુનિક યુગમાં સ્વાસ્થ્ય સેવાઓનું મહત્વ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે આ અત્યાધુનિક હોસ્પિટલ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. અહીં ઓપીડી, પેથોલોજી, ડાયાલિસિસ અને મેડિકલ લેબોરેટરી જેવી પાયાની અને અનિવાર્ય સુવિધાઓ ખૂબ જ સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માત્ર પ્રાથમિક સારવાર જ નહીં પરંતુ જટિલ રોગોના નિદાન માટે ડેન્ટલ, ફિઝિયોથેરાપી અને જનરલ સર્જરી જેવી મલ્ટી સ્પેશિયાલિટી સેવાઓ પણ શરૂ કરવામાં આવી છે. વિશેષ કરીને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને ગાયનેક મેડિસિન, ગાયનેકોલોજી અને બાળરોગ વિભાગને નિષ્ણાત તબીબો દ્વારા કાર્યરત કરાયા છે. એનેસ્થેસિયા જેવી ગંભીર સેવાઓ પણ અહીં ઉપલબ્ધ છે. તદુપરાંત દૂરથી આવતા દર્દીઓ અને તેમના સ્વજનોને હાલાકી ન પડે તે હેતુથી હોસ્પિટલ પરિસરમાં જ પૌષ્ટિક ભોજનાલયની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે

### પીએમ મોદીની અપીલથી સીએમ પટેલ બે કાર સાથે રાજુલા પહોંચ્યા

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાજેતરમાં રાજુલાના પ્રવાસ દરમિયાન પોતાની સાદગી અને પર્યાવરણ પ્રત્યેની સભાનતાથી સૌને પ્રભાવિત કર્યા છે. સામાન્ય રીતે મુખ્યમંત્રીના પ્રોટોકોલ મુજબ દસથી વધુ વાહનોનો મોટો કાફલો સાથે રહેતો હોય છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પેટ્રોલ-ડીઝલ બચાવવાની અપીલને માન આપીને તેમણે માત્ર બે જ કાર સાથે મુસાફરી કરવાનો નિર્ધાર કર્યો હતો. આ સાહસિક પહેલ દ્વારા તેમણે બિનજરૂરી ઈંધણનો વ્યય અટકાવવા અને સરકારી વહીવટી ખર્ચમાં ઘટાડો કરવા માટેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શાસક પોતે જ્યારે શિસ્તનું પાલન કરે ત્યારે તે સમગ્ર વહીવટી તંત્ર અને સામાન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ બની જતું હોય છે.

## મુંબઈથી જાફરાબાદના ટીંબી ખાતે આવતો દારૂ ભાવનગર પોલીસે ઝડપ્યો

ભાવનગર,તા.૧૩


ભાવનગર પેરોલફર્લો સ્કવોડે બાતમીના આધારે સીદસર ચોકડી પાસે ટ્રાવેલ્સ બસ રોકી તપાસ કરતા પાછળની ડીકીમાંથી પ્લાસ્ટિકમાં વીંટાળેલા ૮ પાર્સલમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૬૩ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ બસના બે ડ્રાઈવર અને ક્લીનરની પૂછપરછ હાથ ધરી હતી. તપાસમાં દારૂનો જથ્થો મુંબઈ કાશમીરા ખાતેથી ઈનોવા કાર મારફતે મોકલાયો હોવાનું અને જાફરાબાદના ટીંબી ગામે પહોંચાડવાનો હોવાનું સામે આવતા પેરોલફ્લો સ્કોવડે વરતેજ પોલીસ મથકમાં દારૂ સપ્લાય કરનાર અને મંગાવનાર શખ્સો સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ શરૂ કરી છે.



## અમરેલી ૪૪.૫ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું ગરમ શહેર બન્યુ

ગાંધીનગર,તા૧૩

રાજયમાં ઉનાળાનો મિજાજ હવે અત્યંત આક્રમક બન્યો છે અને સમગ્ર રાજ્ય જાણે અગનભઠ્ઠીમાં શેકાઈ રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બપોરના સમયે આકરા તડકા અને લૂના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે અને લોકોનું ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બન્યું છે. તાજેતરમાં રાજ્યનો પારો ૪૫.૫°c જેવી ભયજનક સપાટી સુધી પહોંચી ગયો છે જે ચિંતાનો વિષય છે. મંગળવારના રોજ અમરેલી શહેર અમદાવાદ અને સુરેન્દ્રનગરને પછાડીને રાજ્યનું સૌથી ગરમ શહેર સાબિત થયું હતું. અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૪.૫°c નોંધાયું હતું જે સામાન્ય તાપમાન કરતા ૩.૭°c જેટલું વધારે છે. બીજી તરફ અમદાવાદમાં પણ ગરમીનો પારો ૪૪.૪°c રહ્યો હતો જે સામાન્ય કરતા ૨.૮°c વધુ નોંધાયો છે. વડોદરામાં પણ સ્થિતિ કંઈક આવી જ જોવા મળી છે જ્યાં તાપમાનમાં સામાન્ય કરતા ૩.૫°c નો વધારો જોવા મળ્યો છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાતના સુરત સહિતના વિસ્તારોમાં 'સિવિયર હીટવેવ' એટલે કે અતિ પ્રબળ ગરમીનો અનુભવ થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના સુરેન્દ્રનગર, કેશોદ, કંડલા એરપોર્ટ અને દીવમાં પણ હીટવેવની અસર જોવા મળી રહી છે. અત્યારે રાજ્યના નવ જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે જેના કારણે સૂકા હવામાનની સાથે ગરમીનું જોર સતત વધી રહ્યું છે.




# શ્રી ભોજલરામ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આજ રોજ તા. ૧૫/૦૫/૨૦૨૬ને શુક્રવારના રોજ શ્રી ભોજલરામ નાગરીક શરાફી સહકારી મંડળી લી. ના તમામ સભાસદોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આપણી મંડળીની વાર્ષિક સાધારણ સભા આગામી તા.30/૦૫/૨૦૨૬ને શનિવારના રોજ નીચે મુજબ સમય અને સ્થળે નીચે દર્શાવેલ કાર્યસુચીના કામોના નિકાલ માટે મળશે. તો તમામ સભાસદોએ હાજર રહેવા આ નોટીસથી જણાવવામાં આવે છે.

| -: તારીખ :- | -: સમય :- | -: સ્થળ :- |
| --- | --- | --- |
| તા. 30/૦૫/૨૦૨૬ શનિવાર | સવારે ૯-00 કલાકે | પટેલ સમાજ વાડી મુ. શેખ પીપરીયા. તા.લાઠી, જી.અમરેલી |

**-: કાર્યસૂચી :-**

- ગત તા. ૧૮/૦૫/૨૦૨૫ ને રવિવારના રોજ મળેલ ગત વાર્ષિક સાધારણ સભામાં થયેલ ઠરાવ નં ૧ થી ૪ (એક થી ચાર) વંચાણે લઈ બહાલી આપવા બાબત.
- સને ૨૦૨૫-૨૬ ના વર્ષ દરમિયાન વ્યવસ્થાપક સમિતિ એ કરેલ કાર્યવાહીને વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
- તા. ૩૧/03/૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ નાણાકીય વર્ષના અંતે થયેલ નફા નુકશાન ખાતા તથા સરવૈયાના હિસાબોને વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
- બોર્ડ ઓફ ડીરેક્ટરે સૂચવેલ વર્ષ ૨૦૨૫-૨૬ના અંતે થયેલ નફાની ફાળવણીને વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
- આપણી મંડળી ના પેટાનિયમ ૪૪/૫ માં સુધારો કરવા બાબત.
- પ્રમુખ સ્થાને થી રજુ થઈ તે..

**-; નોંધ :-**

- કોરમ ના અભાવે મીટીંગ મુલતવી રહેશે તો તેજ સ્થળે અડધો કલાક બાદ મીટીંગ મળશે જે કાયદેસર ગણાશે.
- મંડળીને લગતી માહીતી કે અન્ય કોઈ બાબતની જાણકારી અંગે તા.૨૫/૦૫/૨૦૨૬ સુધીમાં લેખિતમાં હેડ ઓફિસે રજુઆત કરવાની રહેશે.


## ચૂંટણી પુરી થતા રાજય સરકારે ૭૨ IAS અધિકારીઓની બદલીના આદેશ કર્યા

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વહીવટી તંત્રને વધુ ગતિશીલ બનાવવાના હેતુથી બુધવારે વહેલી સવારે ૭૨ જેટલા આઈએએસ અધિકારીઓની સામૂહિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ મોટા ફેરબદલને કારણે રાજ્યના વહીવટી માળખામાં ધરખમ ફેરફારો જોવા મળ્યા છે, જેમાં અનેક જિલ્લાના કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો અને સરકારી નિગમોના વડાઓની નવી નિમણૂકો કરવામાં આવી છે. આ નિર્ણય સરકારના વહીવટી તંત્રને નવું બળ પૂરું પાડવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. રાજ્યમાં દોઢ વર્ષ પૂર્વે રચાયેલી નવી ૯ મહાનગરપાલિકાઓ માટે આ બદલીઓ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. તાજેતરમાં જ આ મહાનગરપાલિકાઓની પ્રથમ ચૂંટણી સંપન્ન થઈ છે, જે અંતર્ગત ૯ પૈકી ૮ મનપાના કમિશનરોની બદલી કરી નવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે, જોકે પોરબંદર મનપાના કમિશનરને યથાવત રાખવામાં આવ્યા છે. આગામી બે દિવસમાં આ નવા કમિશનરો પોતાનો ચાર્જ સંભાળશે, ત્યારબાદ જ નવનિર્વાચિત મેયર અને અન્ય પદાધિકારીઓના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ નવી ચૂંટાયેલી પાંખ કાર્યરત થશે.











